જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । શનિવાર । તા. ૨-૨-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

જેટલીની ગેરહાજરીમાં નાણાં મંત્રી પીયૂષ ગોયલે મોદી સરકારનું છઠ્ઠું બજેટ રજૂ કર્યું

પગારદાર, ખેડૂતો અને ગરીબોને ખુશ કરતુ ચૂંટણીલક્ષી બજેટ

આવક મર્યાદામાં ૫ લાખની છૂટ,ખેડૂતોના ખાતામાં આવશે ૬ હજાર,પ્રથમ વાર રક્ષા બજેટ ૩ લાખ કરોડથી વધારે,હવે ફીકસ ડીપોઝીટ ઉપર ૧૦,૦૦૦ની જગ્યાએ ૪૦,૦૦૦ રૂા. સુધીનું વ્યાજ ટેક્ષ ફ્રી થઈ ગયું,નાણામંત્રીએ ગૃહમાં જાહેરાત કરતા મીનીટો સુધી તાલીઓના ગડગડાટ અને મોદી-મોદીના નારા

ન્યુ દિલ્હી

૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલા મોદી સરકારે આજે એટલે કે શુક્રવારે વચગાળાનું બજેટ જ રજૂ કરવામાં આવ્યું છે. પરંપરા પ્રમાણે ચૂંટણી પછી આવનારી સરકાર જ પૂર્ણ બજેટ નક્કી કરશે. આજે નાણામંત્રી પિયૂષ ગોયલે સંસદમાં વચગાળાનું બજેટ રજૂ કર્યું હતું. જેમાં ૨૦૧૯ની ચૂંટણીને ધ્યાનમાં રાખીને લોકોને ફાયદાઓ બતાવવામાં આવ્યાં છે. આ બજેટમાં મુખ્યત્વે ગરીબો, ખેડૂતો અને મધ્યમ વર્ગનાં લોકો માટે ઘણી જાહેરાત કરવામાં આવી છે. તેમણે મોદી સરકારનાં ઈરાદા અંગે વાત કરતાં જણાવ્યું કે, અમારી નિયત સાફ, નીતિ સ્પષ્ટ અને નિષ્ઠા અટલ છે.

૧.ખેડૂતોનાં ખાતામાં આવશે ૬૦૦૦ રુપિયા

નાણામંત્રી પીયૂષ ગોયેલે ખેડૂતો માટે જાહેરાત કરી છે કે, સરકાર પશુપાલને પ્રોત્સાહનને વધારવા માટે ખેડૂત ક્રેડિટ કાર્ડ આપશે. જેમાં ગાય પાળનારા લોકોને દર વર્ષે રૂ.૫૦૦ આપશે. સરકાર ગૌ માતા માટે પાછીપાની નહીં કરે. કામધેનું યાજના ઉપર રૂ.૭૫૦ કરોડ ખર્ચ થશે. જેમાં ગાયની નસલની સુધારણા ઉપર પણ કામ થશે. આ ઉપરાંત ખેડૂતોને પશુપાલન અને માછલી પાલન માટે લોનમાં બે ટકા વ્યાજ છૂટ આપવામાં આવશે. આ સાથે જ તેમણે કહ્યું કે પ્રાકૃતિક આપદાથી ઝઝૂમી રહેલા દરેક ખેડૂતોને ૨ ટકા અને વધારાના ત્રણ ટકા એટલે કે કુલ ૫ ટકા વ્યાજ છૂટ અપાશે. આ ઉપરાંત ખેડૂતો માટે જે અંતર્ગત ૨ હેક્ટર સુધી જમીન વાળા ખેડૂતોને વર્ષના છ હજાર રૂપિયા આપશે. જેનો ફાયદો ખેડૂતોને ડિસેમ્બર ૨૦૧૮થી મળશે. આ રૂપિયા ખેડૂતોને બે-બે હજાર એમ ત્રણ ભાગમાં સીધા જ ખેડૂતોના ખાતામાં આવશે. પીએમ કિસાન યોજના અંતર્ગત રૂ. ૭૫ હજાર કરોડ ખર્ચ કરશે.

૨. પાંચ લાખ સુધીની આવક ટેક્સ ફ્રી

પોતાનાં બજેટ ભાષણમાં ચૂંટણીનાં દાવપેચ રમતા નાણામંત્રીએ કહ્યું કે, આ બજેટમાં વેરાની સીમામાં કોઈ છૂટ આપવામાં નથી આવી. તેમણે આવનારા પૂર્ણ બજેટ માટે પ્રસ્તાવ આપી દીધો છે કે પાંચ લાખ રૂપિયા સુધીની આવકને ટેક્સ ફ્રી કરવામાં આવશે. આ પ્રસ્તાવની સાથે જ તેમણે સાફ સંદેશ આપ્યો છે કે મોદી સરકાર આવી તો આગામી બજેટમાં ૫ લાખ સુધીની આવક પર ટેક્સ છૂટની જાહેરાત કરવામાં આવશે.

૩. દસ કરોડ કામદારોને પેન્શન યોજનાનો લાભ મળશે

પીયૂષ ગોયલે કામદારો માટે જાહેરાત કરતા કહ્યું કે, '૧૦ કરોડ કામદારોને પેન્શન યોજનાનો લાભ મળશે. વેતન આયોગની ભલામણને લાગુ કરવામાં આવી છે. દેશમાં રોજગારને પ્રોત્સાહન મળ્યું છે. બે વર્ષમાં બે કરોડ લોકોને રોજગારી મળી છે. શ્રમિકોનું



બોનસ વધારી ૭ હજાર કરાયું, ગ્રેજ્યુટીની સીમા ૧૦ લાખથી ૨૦ લાખ કરવામાં આવી. ૨૫ હજારના પગારધારકોને ઈજીંનો લાભ મળશે. ૨૧ હજારના પગારધારકોને બોનસ મળશે. નવી પેન્શન સ્કીમમાં સરકારની ભાગીદારી ૧૪ ટકા, કામદારના આકસ્મિત મૃત્યુ માટે ૬ લાખ રૂપિયાની રાહત આપવામાં આવી. પીએમ શ્રમયોગી માનધન યોજનાને મંજૂરી આપી. ૧૫ હજાર આવક ધરાવતા લોકોને પેન્શન મળશે. ચાલુ વર્ષથી જ માનધન યોજના લાગુ કરી દેવામાં આવશે.'

૪. રક્ષા બજેટ ૩ લાખ કરોડથી વધારે

તેમણે કહ્યું, આપણાં જવાન આપણા દેશનું ગૌરવ છે. ગત ૪૦ વર્ષોથી લંબિત વન રેંક વન પેન્શન યોજનાને અમારી સરકારે લાગૂ કરી છે. આ યોજના અંતર્ગત અત્યાર સુધી ૩૫ હજાર કરોડ રુપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. ભાજપાનાં મેનિફેસ્ટોમાં ઓઆરઓપીને લાગૂ કરવાનો વાયદો પણ કર્યો હતો જેને પુરો કરવામાં આવ્યો છે. રક્ષા બજેટ ૩ લાખ કરોડથી વધારે થશે. આનાથી વધારે ફંડ પણ આપવામાં આવશે.

૫. નાના ઉદ્યોગ માટે મોટો નિર્ણય

નાણામંત્રીએ નાના ઉદ્યોગ માટે મોટો નિર્ણય આપતાં કહ્યું કે, સ્ટાર્ટપમાં ભારત વિશ્વનું બીજું સૌથી મોટુ હબ બની ગયું છે. કૌશલ વિકાસ યોજનામાં ૧ કરોડ યુવાનોને લાભ મળશે. ૧ કરોડ સુધીની લોનની સુવિધા આપવામાં

અનુસંધાન પાના નં. ૨

૨.૫ લાખમાંથી ૫ લાખ કરી દેતા હવે ૬.૫ લાખ કરમુક્ત (૫ લાખની મર્યાદા + ૧.૫ લાખના રોકાણની છૂટ) ગણાશે

નોકરિયાત વર્ગમાં આનંદોઃ હવે પાંચ લાખ સુધીની આવક પર કોઈ ટેક્સ નહીં

ન્યુ દિલ્હી

ચૂંટણી પહેલા રજૂ કરવામાં આવેલા વચગાળાના બજેટમાં મંત્રી પીયૂષ ગોયલે આવકવેરાની મર્યાદામાં મોટી છૂટ આપી છે. પીયૂષ ગોયલે નોકરીયાત વર્ગને ખુશ કરતા પાંચ લાખ સુધીની આવક ટેક્સ ફ્રી જાહેર કરી છે. જોકે, આ વચગાળાનું બજેટ હોવાથી આનો અમલ નવી સરકાર કરશે. સ્ટાન્ડર્ડ ડિડક્શનની લિમિટ રૂ. ૪૦ હજારથી વધારીને રૂ. ૫૦ હજાર કરવામાં આવી છે. આ ઉપરાંત બેંક અને પોસ્ટ ઓફિસ પર મળતા વ્યાજની છૂટ પણ રૂ. ૧૦ હજારમાંથી વધારીને રૂ. ૪૦ હજાર કરવામાં આવી છે.

આવકવેરામાં છૂટની મર્યાદા રૂ. ૨.૫ લાખમાંથી રૂ. ૫ લાખ કરી દેવાતા હવે રૂ. ૬.૫ લાખ કરમુક્ત (૫ લાખની મર્યાદા + ૧.૫ લાખના રોકાણની છૂટ) ગણાશે.

આ પહેલાના બજેટમાં ટેક્સ સ્લેબમાં કોઈ જ ફેરફાર કરવામાં આવ્યો ન હતો. નવી જાહેરાત બાદ ત્રણ કરોડ જેટલા મધ્યમ વર્ગના લોકોને ફાયદો થશે. તમને જણાવી દઈએ કે ટેક્સમાં છૂટ સરકાર તરફથી આપવમાં આવેલું એક વચન છે. જુલાઈમાં આવનાર પૂર્ણ બજેટમાં આને પાસ કરવામાં આવશે. એટલે કે નવી સરકાર બન્યા બાદ જ તેનો ફાયદો મળશે. આવકવેરામાં છૂટની જાહેરાત કરવામાં આવ્યા બાદ સંસદમાં મોદી મોદીના નારા લાગ્યા હતા.

વર્તમાન ટેક્સ સ્લેબમાં ૨.૫ લાખ રુપિયા સુધીની વાર્ષિક આવક કરમુક્ત છે.

ઈનકમટેક્સ સ્લેબઃ ૬૦ વર્ષથી ઓછી ઉંમરના લોકો માટે

ટેક્સેબલ ઈનકમ સ્લેબ	ઈનકમ ટેક્સ રેટ
રૂ.૦ થી ૫ લાખ	કંઈ નહીં
રૂ.૫,૦૦,૦૦૧ થી ૧૦,૦૦,૦૦૦	૨૦%
રૂ.૧૦,૦૦,૦૦૧ થી ઉપર	૩૦%

ઈનકમટેક્સ સ્લેબઃ ૬૦ થી ૮૦ વર્ષની ઉંમરના વૃદ્ધો માટે

ટેક્સેબલ ઈનકમ સ્લેબ	ઈનકમ ટેક્સ રેટ
૦ થી ૩ લાખ રૂ.	કંઈ નહીં
૩,૦૦,૦૦૧ થી ૫,૦૦,૦૦૦	૫%
રૂ.૫,૦૦,૦૦૧ થી ૧૦,૦૦,૦૦૦	૨૦%
રૂ.૧૦,૦૦,૦૦૧ થી ઉપર	૩૦%

ઈનકમટેક્સ સ્લેબઃ ૮૦ વર્ષથી ઉપરની ઉંમરના વૃદ્ધો માટે

ટેક્સેબલ ઈનકમ સ્લેબ	ઈનકમ ટેક્સ રેટ
૦ થી ૫ લાખ રૂ.	કંઈ નહીં
રૂ.૫,૦૦,૦૦૧ થી ૧૦,૦૦,૦૦૦	૨૦%
રૂ.૧૦,૦૦,૦૦૧ થી ઉપર	૩૦%

MARKET 4U™

સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

7575006847 Whats-App
7575006848 Time
7575006850 10 am to 5 pm

MARKET 4U™

ના ઓનલાઇન પ્લેટફોર્મમાં

આપના વ્યવસાયની ફિક્સ જાહેરાત

રૂપિયા ૫૦૦૦/- (+ટેક્ષ)માં ત્રણ વર્ષ માટે મુકાવો

અને મેળવો

આપના વાહનની સિક્યુરિટી ટ્રેકિંગ સિસ્ટમ (GPS) તદ્દન મફત

દરેક શહેરમાં એજન્ટ નિમવાના છે

સંપર્ક : 7575006850

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન જીવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મહદ્‌અંશ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ થિયો સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે થિયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. શરૂઆતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મહીના દિમિટમાંથી ભાગીદારી રૂપિયા ક્રમ મુજબ ચૂકેલ આવકમાંથી ચુકવણ જશે, જે માટે સાથે ડિજીટલ કોપરક પરથી આપ સમજી શકશો.

તો આવો સૌ સાથે મળી આપણીકારાનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકત્રિત થયેલ મેમ્બરશીપ ફીમાંથી કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
આકર્ષક ૧૨૫૦/- (સોટો મોકલી આપવી) આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો. જેના માટે સાથે રાજ્યસ્તરમાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
ત્રીજા ત્રણ વર્ષ માટે ૫૦૦૦/- (સોટો મોકલી આપવી) આપનો કોડ ત્રીજા ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો. સાથે એક વર્ષ માટે મોબાઈલ વહીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો જેના માટે સાથે રાજ્યસ્તરમાં ૩૦૦૦/- ભરવાના રહેશે. આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A		માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME	LEVEL	INCOME
1st	80/-	1st	600/-
2nd	60/-	2nd	400/-
3rd	50/-	3rd	300/-
4th	40/-	4th	200/-
5th	30/-	5th	100/-
		6th	50/-



સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો | ધનંજય ઝવેરી 7575006847-48 | શરદ જાદવ 7575006849 | રવિ પટેલ 7574888860 | અશોષ મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

રાણપુર પોલીસની જુગારીઓ ઉપર લાલ આંખ

રાણપુરના ખોખરનેશ ગામે જુગાર રમતા સાત શખ્સોની રૂપિયા ૮૩૬૪૦ હજાર ના મુદ્દામાલ સાથે ધરપકડ

બોટાદ જીલ્લાના રાણપુર તાલુકાના ખોખરનેશ ગામે આજે બપોરના ત્રણ વાગ્યાની આસપાસ રાણપુર પોલીસ પેટ્રોલિંગ કરી રહી હતી તે દરમ્યાન રાણપુર પોલીસ ને બાતમી મળી કે ખોખરનેશ ગામે જેજરીયા ફળીમાં જાહેરમાં ખુલ્લી જગ્યામાં અમુક શખ્સો તીનપત્તી નો જુગાર રમી રહ્યા છે ત્યારે બાતમીવાળી જગ્યાએ રાણપુર પોલીસે રેડ કરતા સાત શખ્સો તીનપત્તીનો જુગાર રમતા પોલીસ ના હાથે ઝડપાઈ ગયા હતા જે માં.(૧)કરણસિંહ ભીખુભાઈ પરમાર રહે.ખોખરનેશ (૨) હસમુખભાઈ લક્ષ્મણભાઈ કેરવાડીયા રહે.ખોખરનેશ (૩) વહાણભાઈ ભગવાનભાઈ કેરવાડીયા રહે. ગલસાણા. તા. ધંધુકા (૪) ઘનશ્યામભાઈ દેવજીભાઈ કેરવાડીયા રહે.ખોખરનેશ (૫) પ્રવિણભાઈ ભીમજીભાઈ કેરવાડીયા રહે.બોટાદ (૬)વિનોદભાઈ ઉર્ફે વિનુભાઈ દેવજીભાઈ લીંબડીયા રહે. ખોખરનેશ (૭)મુકેશભાઈ બાબુભાઈ જેજરીયા રહે.ખોખરનેશ આ તમામ શખ્સો ખોખરનેશ ગામે જાહેરમાં તીનત્તીનો હારજીત નો જુગાર રમતા પોલીસના હાથે ઝડપાઈ જતા તેમની પાસેથી રોકડા રૂપિયા ૨૮,૬૪૦,મોબાઈલ ફોન નં-૮ જેની કીંમત રૂપિયા ૨૦,૦૦૦,મોટરસાઈકલ નં-૨ જેની કીંમત રૂપિયા ૩૫,૦૦૦ હજાર કુલ મળી રૂપિયા ૮૩,૬૪૦ ના મુદ્દામાલ સાથે સાત શખ્સો ની ધરપકડ કરી રાણપુર પોલીસ સ્ટેશન ને લાવી જુગારધારા કલમ ૧૨ મુજબ ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી હેડ.કો-આઈ.એ.કથીરી.કરી રહ્યા છે



દિવ્યાંગો માટે કામ કરતી સંસ્થા રચના ફાઉન્ડેશન પાલીતાણાના વર્ષ દરમ્યાન કરેલ કામગીરીના અહેવાલનું વિમોચન

તા-૧-૨-૧૯ના રોજ દિવ્યાંગો માટે કામ કરતી સંસ્થા રચના ફાઉન્ડેશન પાલીતાણાના વર્ષ દરમ્યાન કરેલ કામગીરીના અહેવાલનું વિમોચન અને દિવ્યાંગો માટે ભારત સરકાર દ્વારા આપવામાં આવેલ યુનિક આઈડી કાર્ડનું વિમોચન અને વિતરણ કરવામાં આવ્યું હતું.

રાજય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા દિવ્યાંગો માટેની યોજનાઓની જાણકારી આપવામાં આવેલ તેમજ દિવ્યાંગ લાભાર્થીઓને સમયસર સહાય મળે તે માટે માર્ગદર્શન પુરુ પાડવામાં આવેલ. આ પ્રસંગે આપણા ભાવનગર ના જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી વૈશાલીબેન જોષી તેમજ પાલીતાણા મામલતદાર વસાવા તેમજ ગુજરાત નગર પાલીકા પરિષદના મંત્રી પ્રવિણભાઈ ગઢવી તેમજ પાલીતાણા નગરપાલીકાના ચેરમન ઓમદેવસિંહ સરવૈયા તેમજ પાલીતાણા વિશ્વ હિન્દુ પરિષદ ના પ્રમુખ કીરીટભાઈ લકુમ તેમજ ભાવનગર જીલ્લાના આતરરાષ્ટ્રીય હિન્દુ પરીષદ ના કાર્યકારી અધ્યક્ષ ભરતભાઈ રાઠોડ તથા નાગરીક શરાફી મંડળી ના ઉપપ્રમુખ રમેશભાઈ રાઠોડ તથા ડાયરેક્ટર મનોજભાઈ દેસાઈ તેમજ રામી માળી ટ્રસ્ટના ઉપપ્રમુખ અને ભાવનગર જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિના સદસ્ય પ્રતાપભાઈ મકવાણા તથા ટ્રસ્ટી જયંતિભાઈ બારડ તથા પાલીતાણા નગરપાલીકાના પૂર્વપ્રમુખ હેમાબેન કડેલ તથા પાલીતાણાના પત્રકાર મિત્રો આ પ્રસંગે હાજર રહેલ હતા. સમગ્ર કાર્યક્રમ નું સંચાલન બળવંતભાઈ મકવાણા દ્વારા કરવામાં આવેલ હતું તેમજ બહોળી સંખ્યા માં દિવ્યાંગ ભાઈઓ/બહેનો હાજર રહેલ હતા આ પ્રસંગે સંસ્થાનાપ્રમુખ પ્રકાશભાઈ એસ. સોલંકી તથા ટ્રસ્ટીગણ સાથે રાખીને સરસ અને સુંદર રીતે કાર્યક્રમ પૂર્ણ કરેલ હતો.

મોદી સરકાર ખેડૂતો પર મહેરબાન..!!,દર વર્ષે ૬ હજાર રૂપિયા આપવાની ઘોષણા

ન્યુ દિલ્હી

બજેટ ૨૦૧૯માં મોદી સરકારે ખેડૂતો માટે મોટી જાહેરાત કરી છે. ખેડૂતોના મુદ્દે કેન્દ્ર સરકાર સતત દબાણમાં હતી, એવામાં તેમની નારાજગી દૂર કરવા માટે અને તેમના આર્થિક સંકટમાંથી બહાર કાઢવા માટે મોદી સરકારે બજેટમાં મોટી જાહેરાત કરી છે અને ખેડૂતોને દર વર્ષે ૬ હજાર રૂપિયાની મદદ કરવાની જાહેરાત કરી છે.

કેન્દ્રીયમંત્રી પિયૂષ ગોયલે શુક્રવારના રોજ અંતરિમ બજેટ ૨૦૧૯ રજૂ કરતા ખેડૂતોને મોટી ભેટ આપી હતી. સરકારે ચૂંટણીના વર્ષને ધ્યાનમાં રાખીને અંતરિમ બજેટમાં ખેડૂતોની નારાજગી દૂર કરવા પ્રયાસ કર્યો હતો. સરકારે ખેડૂતોને ડાયરેક્ટ આર્થિક મદદ કરવાનો નિર્ણય લેતા ઈક્રમ સપોર્ટ પ્રોગ્રામની જાહેરાત કરી હતી. આ ૬૦૦૦ રૂપિયા મેળવવાની શરત એટલી છે કે જે ખેડૂત પાસે ૨ હેક્ટર જમીન છે, તેમને દર વર્ષે ૬ હજાર રૂપિયા આપવામાં આવશે.

પિયૂષ ગોયલે કહ્યું હતું કે, સરકારે 'ૅ કિસાન સન્માન નિધિ' યોજના શરૂ કરી છે. આ અંતર્ગત નબળા અને નાના ખેડૂતોને દર વર્ષે ૬ હજાર રૂપિયા આપવામાં આવશે, જેથી ખેડૂતોનો આવક વધી શકે. ખેડૂતોને ત્રણ હપ્તામાં ૨-૨ હજાર રૂપિયા મળશે અને પૈસા સીધા ખેડૂતોના ખાતામાં જમા થશે. આની ૧૦૦% ફન્ડિંગ સરકાર કરશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ સ્કીમ ૧ ડિસેમ્બર ૨૦૧૮થી લાગુ થશે, જેનો લાભ ૧૨ કરોડ ખેડૂત પરિવારને મળશે. આનાથી સરકાર પર ૭૫૦૦૦ કરોડનો ખર્ચ વધશે.

બોટાદના પાળીયાદ ગામે ગળેફાંસો ખાઈ જીવનટુકાવ્યુ



ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા કોળી સમાજમાં અને પાળિયાદ ગામમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે

બોટાદ જિલ્લાના પાળીયાદ ગામે કોળી સમાજના એક વ્યક્તિ દ્વારા ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચીજવા પામી છે મરનાર વ્યક્તિનું નામ જગાભાઈ મોહનભાઈ મેણીયા છે આ બનાવ ની જાણ પાળીયાદ પોલીસને થતા તાત્કાલિક સ્થળ ઉપર પહોંચી હતી અને જરૂરી કાર્યવાહી હાથ ધરેલ છે આ જગાભાઈ મેણીયા એ

રાણપુરમાં સ્વ.શ્રી અમૃતલાલ શેઠની યાદમાં સ્ટેચ્યુ અને પ્રવેશદ્વાર બનશે



બોટાદ જીલ્લાના રાણપુરમાં આઝાદી.સંગ્રામ ના લડવૈયા સ્વ.શ્રી અમૃતલાલ શેઠ ની યાદમાં તેમના પરિવારના દાનવીર જતીનભાઈ શેઠ દ્વારા રાણપુરમાં રાણપુર-લીબડી ત્રણ રસ્તા પાસે સ્વ.શ્રી અમૃતલાલ શેઠ નુ સ્ટેચ્યુ તેમજ ભવ્ય પ્રવેશદ્વાર(ગેટ)રાણપુર ના પનોતા પુત્ર અને દાનવીર જતીનભાઈ શેઠના સ્વખર્ચે બનાવવાના હોય રાણપુર ના સરપંચ હાજી અબ્બાસભાઈ ખલાણી દ્વારા અમૃતલાલ શેઠ ની પ્રતિમાં મુકવાનો પ્રસ્તાવ પત્ર જતીનભાઈ શેઠ ને આપવામાં આવ્યો હતો આ સમયે રાણપુર સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ ના પ્રમુખ મુકુંદભાઈ વઢવાણા,રાણપુર ના અગ્રણી વિજયભાઈ શેઠ,યુનુસભાઈ ખલાણી સહીત રાણપુરના વેપારીઓ પ્રસ્તાવ પત્ર આપતી વખતે ખાસ હાજર રહ્યા હતા ૨૫ હજારની વસ્તી ધરાવતા રાણપુર શહેરમાં લીબડી ત્રણ રસ્તે ભવ્ય પ્રવેશદ્વાર અને સ્ટેચ્યુ રાણપુર ની શોભામાં વધારો કરશે.જયારે આ પ્રવેશદ્વાર અને સ્ટેચ્યુ ને લઈને રાણપુર શહેરમાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે

બજેટ બાદ નેતાઓની પ્રતિક્રિયા

રોજના ૧૭ રુપિયાની સહાય પહેલેથી બરબાદ થઈ ચુકેલા ખેડૂતોનુ અપમાન છેઃ રાહુલ ગાંધી

મોદી સરકારના લોકસભા ચૂંટણી પહેલાના આખરી બજેટ પર કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પહેલી પ્રતિક્રિયા આપી છે. રાહુલ ગાંધીએ ખેડૂતોને દર વર્ષે ૬૦૦૦ રુપિયા સહાય આપવાની જાહેરાત અંગે ટ્વિટ કરતા કહ્યુ છે કે મોદી સરકારની સરકાર ચલાવવાની અક્ષમતા અને અહંકારથી ખેડૂતો પૂરેપૂરા બરબાદ થઈ ચુક્યા છે.હવે તેમને રોજના ૧૭ રુપિયા આપવા તે તેમની મહેનત અને તેમની દરેક માંગણીનુ અપમાન છે.

ખેડૂતો માટે કરેલી જાહેરાતો ઉંટના મોઢામાં જીરુ આપવા સમાનઃ કમલનાથ

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી કમલનાથે કહ્યું કે, ખેડૂતો માટે કરેલી જાહેરાતો ઉંટના મોઢામાં જીરું આપવા સમાન છે. કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આ બજેટને ૨૦૧૯નું છલ્લું જુમલા બજેટ કહીને મોદી સરકારની મજાક ઉડાવી. રાહુલ ગાંધીએ મોદી સરકાર પર હુમલો કરતા કહ્યું કે, ખેડૂતો માટે પ્રતિ દિવસ ૧૭ રૂપિયા આપવાની જાહેરાતને મોદી સરકાર કોઈ મહાન કામ કર્યું હોય એ રીતે ગર્વ અનુભવી રહ્યા છે.

આ એક એક્સપાયરી અને હતાશાભર્યું બજેટ છેઃ મમતા બેનર્જી

મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું કે, આ એક એક્સપાયરી અને હતાશાભર્યું બજેટ છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા શશી થરૂરે પણ આ બજેટ અંગે જણાવ્યું કે, આખરે મંત્રીજી કઈ દુનિયામાં જીવી રહ્યા છે. આવી મોંઘવારીમાં મહિને ૫૦૦ રૂપિયામાં ખેડૂતનો શું ઉદ્ધાર થવાનો હતો? કોંગ્રેસ સાંસદ રંજીત રંજને મોદી સરકારને લબડધક્કે લેતા કહ્યું કે, સરકાર શું ખેડૂતોને ભીખ આપી રહી છે?

રાજનાથસિંહ

ગૃહમંત્રી રાજનાથસિંહે કહ્યું કે બજેટ ૨૦૧૯નું ઐતિહાસિક બજેટ છે. અને સમાજના તમામ વિભાગો તેનાથી લાભ મળશે.

ભુજ શહેર અનુ.જા.મોરચા ભાજપ દ્વારા અનુ.જા.નું ગૌરવ પ્રિયાંશી બાંભણિયાનું સન્માન કરવામાં આવ્યું



ભુજ કચ્છ: ભુજના વાણિયાવડ વિસ્તારમાં આવેલી ઈન્દીરાબાઈ કન્યા વિદ્યાલયની ધોરણ ૮માં અભ્યાસ કરતી પ્રિયાંશી કાંતિલાલ બાંભણિયાએ પેટ્રોલિયમ અને ગેસ મંત્રાલય ભારત સરકાર દ્વારા ગુજરાતી ભાષાની નિબંધ સ્પર્ધામાં ભાગ લીધો હતો.નિબંધ સ્પર્ધામાં રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ નંબર મેળવતા ભુજ શહેર અનુસૂચિત જાતી મોરચા ભાજપના રમેશ દાફડા (ભુજ શહેર મહામંત્રી અનુસૂચિત જાતિ ભાજપ),કાનજીભાઈ ગરવા (ભુજ શહેર ઉપ-પ્રમુખ અનુસૂચિત જાતિ ભાજપ),કિરણભાઈ ગોરી (ભુજ શહેર મંત્રી અનુસૂચિત જાતિ ભાજપ),શૈલેષભાઈ ધેડા (ભુજ શહેર મંત્રી અનુસૂચિત જાતિ), ગૌતમભાઈ બુચિયા(યુવા પત્રકાર) દ્વારા પ્રિયાંશી કાંતિલાલ બાંભણીયાનું સાલ દ્વારા તથા ડો.બાબા સાહેબ આંબેડકરની છબી અર્પણ કરીને સન્માન અને પ્રોત્સાહન આપવામાં આવ્યું. ઉપસ્થિત ભુજ શહેર અનુસૂચિતજાતિ ભાજપ મોરચાના સભ્યો દ્વારા જીવનમાં ખૂબ ખૂબ પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

ખેડૂતો પર લાઠીચાર્જ કરનાર તમામ પોલીસકર્મી વિરુદ્ધ તત્કાલ એફઆઈઆર નોંધવા આદેશ

ભાવનગર

થોડા સમય પહેલા જ ભાવનગર જિલ્લાનાં તળાજા તાલુકામાં દરિયાકાંઠાનાં ગામોમાં ચાલી રહેલા અલ્ટ્રાટ્રેક સિમેન્ટ કંપનીના માઈનીંગનો વિરોધ કરી રહેલા ખેડૂતો પર પોલીસે બેરહેમીથી લાઠીચાર્જ કર્યો હતો. ત્યારબાદ સમગ્ર મામલે હાઈકોર્ટમાં પહોંચ્યો હતો, જેમાં સૂનાવણી દરમિયાન હાઈકોર્ટે હુકમ કર્યો છે કે ખેડૂતો પર દમન કરનારા તમામ પોલીસકર્મીઓ વિરુદ્ધ તત્કાલ એફઆઈઆર નોંધવામાં આવે.

ભાવનગર જિલ્લાનાં તળાજા તાલુકામાં દરિયાકાંઠાનાં ગામોમાં ચાલી રહેલા અલ્ટ્રાટ્રેક સિમેન્ટ કંપનીના માઈનીંગનાં વિરોધમાં આજે હજ્જારો સ્થાનિક લોકો ભેગા થયા હતા અને માઈનીંગ અટકાવવાનો પ્રયાસ કર્યો હતો અને પોલીસ સાથે ઘર્ષણ થયુ હતુ.

ઉલ્લેખનીય છે કે પોલીસ દ્વારા કરવામાં આવેલા ખેડૂતો પર દમન મામલે મંગળવારે હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરવામાં આવી હતી. જેમાં હાઈકોર્ટે ભાવનગર અને તળાજાના ડિસ્ટ્રીકટ અને સેશન્સ જજ પાસેથી ખેડૂતોની ફરિયાદ ન લેવા અંગે ખુલાસો માંગ્યો હતો. તો હાઈકોર્ટે આ સમગ્ર પ્રકારણને ગંભીરતાથી લેતા રાજયના ડીજીપી, એડીજીપી, સ્થાનિક એસપી અને અન્ય પોલીસ અધિકારીઓને નોટિસ ફટકારીને ખુલાસો માંગ્યો છે. હાઈકોર્ટે દાથા પોલીસ સ્ટેશનને ખેડૂતોની ૫૪ જેટલી ફરિયાદો ૨ દિવસમાં દાખલ કરવાનો હુકમ કર્યો હતો.

પીડિત ખેડૂતોના વકીલ આનંદ યાજ્ઞિકે જણાવ્યું હતું કે, આંદોલનમાં માર મારનારા પોલીસ અધિકારી જ તપાસ કરી રહ્યા છે. જેથી આ કેસની ઉચ્ચ પોલીસ આગેવાની હેઠળ નિષ્પક્ષ તપાસ થવી જોઈએ.

આ સમગ્ર ઘટનાની વિગત એવી છે કે, ચિનાઈ માટીનું ખોદકામ અટકાવવા ૫૦ ગામના ૧૫૦૦ જેટલા સ્થાનિક લોકોએ શાંતિપૂર્ણ વિરોધ કરી રહ્યા હતા. ત્યારે પોલીસે તેમના પર દમન ગુજાર્યું હતું. એટલું જ નહી ખેડૂતોએ આરોપ લગાવ્યો છે કે પોલીસ સ્ટેશનમાં પણ ખેડૂતોને ઢોર માર મારવામાં આવ્યો હતો. જેમાં બાળકો અને મહિલાઓ પણ સામેલ છે. જેની ફરિયાદ આજ દિવસ સુધી નોંધવામાં આવી નથી.

પગારદાર ખેડૂતો પહેલા પાનાથી ચાલુ

આવશે. ૫૯ મીનિટમાં ૧ કરોડની લોન આપવાની યોજના પણ બનાવવામાં આવી છે.

૬. વિકાસ થઈ રહ્યો છે એટલે નોકરીઓ પણ આવશે

ઉડાન સ્કીમ અંતર્ગત હવાઈ ચપ્પલ પહેરનારા હવાઈ જહાજમાં ઉડી રહી છે. આજે દેશભરમાં ૧૦૦ એરપોર્ટ બની ચુક્યા છે. આટલો વિકાસ થઈ રહ્યો છે તો નોકરીઓ પણ આવશે. બ્રોડ ગેજ રેલવેમાં એક પણ માનવ રહિત ગેટ નથી. છેલ્લા ૫ વર્ષોમાં હવાઈ યાત્રીઓની સંખ્યા બેગણી થઈ ગઈ છે. છેલ્લાં પાંચ વર્ષમાં સોર્ય ઉર્જામાં ૧૦ ગણો વધારો થયો છે.

૭. ગ્રેજ્યુટી વધારીને ૨૦ લાખ રૂપિયા કરવામાં આવી

નાણામંત્રીએ કહ્યું કે, 'મોદી સરકારે કર્મચારીઓની ગ્રેજ્યુટી ૧૦ લાખ રૂપિયાથી વધારીને ૨૦ લાખ રૂપિયા કરી દેવામાં આવી છે. નોંધનીય છે કે, ગ્રેજ્યુટી અધિનિયમ, ૨૦૧૮'૨૯ માર્ચ ૨૦૧૮થી લાગુ કરવામાં આવી છે.

૮. ઘર ખરીદનારને ટેક્સમાં ફાયદાની વિચારણા

રોજબરોજનાં વપરાશની મહત્તમ વસ્તુઓમાં જીએસટીનાં ૫ ટકાનાં સ્લેબમાં રાખવામાં આવ્યું છે. ઘર ખરીદનારને પણ રાહત આપવા માટે જીએસટી ઓછું કરવા માટે પણ એક ગ્રુપ બનાવવામાં આવ્યું છે. જે આ મામલામાં વિચાર કરશે અને મધ્મય વર્ગને રાહત આપશે. આ વર્ષે૯૭૧૦૦ કરોડ રૂપિયા એવરેજ જીએસટી કલેક્શન થયું છે. જાન્યુઆરીમાં ૧ લાખ કરોડથી વધારે થઈ શકે છે.

૯. બિલ્ડરો માટે મોટી જાહેરાત

તેમણે બિલ્ડરો અને ભાડે રહેતા લોકો માટે મહત્વની જાહેરાત કરતાં કહ્યું કે, કોઈપણ ૧ ઘર વેચીને બે ઘર લેશો તો કેપિટલ ગેન્સ નહીં લાગે. જો તમે ભાડે રહો છો અને વાર્ષિક ૨.૪૦ લાખ સુધી રૂપિયા ભાડાપેટે ચુકવો છો તો તેની પર ટીડીએસ નહીં લાગે.

૧૦. સિનેમા જોવા જનારાઓ માટે ટેક્સમાં રાહત આપવામાં આવશે

નાણા મંત્રીએ બજેટ રજૂ કરતા હાલમાંજ સર્જિકલ સ્ટ્રાઈક પર બનેલી ફિલ્મ 'ઉરી'નો ઉલ્લેખ કરતાં કહ્યું કેતેઓએ થોડા દિવસ પહેલા 'ઉરી' જોઈ એન તેમને ખૂબ જ મજા આવી. તેની પર ત્યાં હાજર તમામ લોકો મોટેથી બોલવા લાગ્યા 'ઉંહું'જ રી ર્ત્રજર'. ઉલ્લેખનીય છે કે ફિલ્મના આ ડાયલોગ વિકી કૌશલે બોલ્યો જેદેશભરમાં સૌથી પસંદનો ડાયલોગ બની ગયો. આ ઉપરાંત નાણા મંત્રીએ પોતાના ભાષણમાં કહ્યું કેસિનેમા જોવા જનારાઓ માટે ટેક્સમાં રાહત આપવામાં આવશે. ઉલ્લખેનીય છે કે, હાલમાં જ સિનેમા ટિકિટ પર લાગતાં જીએસટી સાથે જોડાયેલા મુદ્દા પર વાત કરવા માટે અનેક બોલિવુડ સ્ટાર્સે પીએમ મોદી સાથે મુલાકાત કરી હતી.

ભાજપા અધ્યક્ષ જીતુ વાઘાણીએ વચગાળાનાં બજેટને આવકાર્યું

આ બજેટ શ્રમીક, દલિત, વેપારી અને ખેડૂતો માટે : જીતુ વાઘાણી

ગાંધીનગર

કેન્દ્રીય નાણાંમંત્રી પિયુષ ગોયલે જે બજેટ રજૂ કર્યુ તેને ગુજરાત ભાજપના અધ્યક્ષ જીતુ વાઘાણીએ આવકાર્યુ હતું. તેઓએ કહ્યું કે, આ બજેટ ગામ, શ્રમીક, કિસાન, દલિત, બક્ષીપંચ, વેપારી અને ખેડૂતો માટેનું બજેટ છે. જેમાં દરેક વર્ગના લોકોને સમાવવામાં આવ્યા છે. ભારતનું અર્થતંત્ર વિશ્વનું સૌથી મોટું અર્થતંત્ર સાબીત થયું છે, જેનો મને ગર્વ છે. મોંઘવારી અને જીડીપી પર લગામ લાવવી એ સૌથી અઘરી વાત છે, જેમાં ભારતીય જનતા પાર્ટીના રાજમાં જીડીપી ગ્રોથ ૭.૨ ટકાની નીચે ગયો છે. જે દર્શાવે છે કે એનડીએ સરકાર જ કરી શકે. જીએસટીથી ૧,૦૩,૦૦૦ કરોડની આવક થઇ છે. અલગ અલગ પ્રકારના ટેક્સની મુક્તીથી બજેટમાં ઘણી રાહત મળી છે.

આ બજેટમાં કરવેરાની મર્યાદા વધારવામાં આવી છે. આ ઉપરાંત પગારદારો માટે પણ આવકાર્ય બજેટ મનાઇ રહ્યુ છે. ખેડૂતોના ખાતામાં છ હજાર રૂપિયા સીધા બેંકના ખાતામાં જશે. આમ ઘણા મુદ્દાઓ છે કે જે મધ્યમ વર્ગના લોકોને આકર્ષીત કરવામાં આવી રહ્યા છે. જો કે ભારતીય જનતા પાર્ટીના નેતાઓ આ બજેટને ક્રાંતિકારી બજેટ કહેવામાં આવી રહ્યુ છે.

ગરીબો તથા ખેડૂતોની અપેક્ષાઓને પૂરુ કરશે આ બજેટ': અમિત શાહ

ન્યુ દિલ્હી

મોદી સરકારનું અંતરિમ બજેટ રજૂ થયા પછી પ્રતિક્રિયા આવવાની શરૂ થઇ ગઇ છે. ભાજપ અધ્યક્ષ અમિત શાહે બજેટ પર પ્રતિક્રિયા આપતા કહ્યુ કે, ''આ સમાજના તમામ વર્ગને રાહત આપનારું બજેટ છે. ખેડૂતો, મજૂરો, મધ્યમવર્ગને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પાસે જે અપેક્ષા છે તે આ બજેટની મદદથી પૂરી થશે. દેશના નાના ખેડૂતોને ૨૦૦૦-૨૦૦૦ના ૩ હપ્તામાં ૬૦૦૦ રૂપિયા વાર્ષિક આપવામાં આવશે. સરકાર ૭૫૦૦૦ કરોડનું બોજ સહન કરીને ખેડૂતોની મદદમાં આગળ આવશે. બેંકમા માત્ર એક વખત દેવુ માફ થાય છે અને અડધાથી વધારે ખેડૂતો જે લોન નથી લેતા, તેમને પણ આ યોજનાનો લાભ મળશે. ''

અમિત શાહે કહ્યુ કે, ''મનરેગાની જેમ દર વર્ષે ખેડૂતોનો આ યોજનાનો લાભ મળશે. ખેડૂતોની ખેતીની શરૂઆત કરવા માટે યોજનાથી ખૂબ જ મદદ મળશે. કામધેનૂ યોજના ગાયોની રક્ષા કરવા માટેનું પગલુ છે. ગાયોમાં વધારો થાય, ગાયોની સુરક્ષાથી જોડાયેલી તમામ બાબતોનુ ધ્યાન આ યોજનામાં રાખવામાં આવશે. સનાતન ધર્મમાં પણ ગાંધીથી લઇને વિનોભા ભાવેએ ગાયને પૂજનીય માની છે.'' ભાજપ અધ્યક્ષે આગળ કહ્યુ કે, કિસાન ક્રેડિટ કાર્ડવાળા ખેડૂત, જે સમય પર ચૂકવણી કરે છે, તેમણે પણ મોદી સરકારે મોટી રાહત આપી છે. દેશની ર્ઢ્ઢમાં મોટું યોગદાન આપનારા મુઠ્ઠુઆરા સમાજનો ખ્યાલ પણ આ બજેટમાં રાખવામાં આવ્યો છે. શ્રમયોગી યોજના હેઠળ દેશના ૧૦ કરોડથી વધારે ગરીબ શ્રમિકોને ૬૦ વર્ષ પછી ૩૦૦૦ રૂપિયા પેન્શન તરીકે આપવામાં આવશે, જેનાથી વૃદ્ધાવસ્થામાં તેમણે રાહત મળશે. સરકારે આ બજેટમાં નામાંકિત સમાજના કલ્યાણનું પણ કામ કર્યુ છે.

વિજય રૂપાણીએ મોદી સરકારના વચગાળાનાં બજેટને આવકાર્યું

આ બજેટથી સરકારે ન્યૂ ઈન્ડિયા તરફ વધુ એક પગલું ભર્યું: સીએમ રૂપાણી

ગાંધીનગર

શુક્રવારે કેન્દ્ર સરકારે વચગાળાનું બજેટ આપ્યું છે જેમાં ખેડૂત, ગરીબ અને કરદાતાઓ માટેની જાહેરાત કરવામાં આવી છે. આ અંગે રાજયનાં સીએમ વિજય રૂપાણીએ પણ વચગાળાનાં બજેટને આવકાર્યું છે અને તેનાથી ગુજરાતને ઘણો લાભ થશે તેમ પણ જણાવ્યું છે. આ બજેટમાં નિયત સાફ, નીતિ સ્પષ્ટ અને નિષ્ઠા અટલ દેખાય છે.

શુક્રવારે રજૂ થયેલા વચગાળાનાં બજેટ માટે સીએમએ મોદી સરકારનો આભાર માનતા કહ્યું કે, 'મોદી સરકારે યુવાનો, મહિલાઓ, કરદાતાઓ, ખેડૂતો અને ગરીબોને આવરી લેતું બજેટ આપ્યું છે. આ બજેટથી કીડીને કણ અને હાથીને મણ આપીને સાચા અર્થમાં સૌનો સાથ અને સૌનો વિકાસની ભાવના સાર્થક કરી છે. સરકારે ન્યૂ ઈન્ડિયા તરફ વધુ એક પગલું ભર્યું છે.'

તેમણે આગળ જણાવતાં કહ્યું કે, 'ખેડૂતોનાં ખાતામાં ડાયરેક્ટ ૬૦૦૦ રૂપિયા આપવાના પેકેજ આપીને સૌથી મોટું પેકેજ આપ્યું છે. ગુજરાતનાં ૩૬ લાખ ખેડુતોને આને સીધો લાભ મળશે.

કામધેનું આયોગની રચનાથી પશુપાલન ઉદ્યોગને સપોર્ટ મળશે. કરોડો ભારતીયો કિસાન ગ્રામ્ય સહિત સમાજના તમામ વર્ગના વિકાસ માટેનું આ બજેટ છે.'

સીએમએ આગળ જણાવતાં કહ્યું કે, 'આવકવેરાની મર્યાદા પાંચ લાખ રૂપિયા કરવામાં આવી. ધારણા ૩ લાખ થવાની હતી જેને સવાયા કર્યા, ગુજરાતનાં આશરે ૩ કરોડ નાગરિકોને આ લાભ મળશે. ઈક્વમટેક્સની મર્યાદા વધારવાને લીધે મધ્યમ વર્ગના લોકોને મોટો લાભ મળશે. આ ઉપરાંત વધારાનાં ૧,૫૦,૦૦૦ રોકાણ કરશો તો પણ લાભ મળશે. ટીડીએસની મર્યાદામાં વધારો કર્યો છે. આ ઉપરાંત ૧૦ કરોડ શ્રમિકોને યોજનાનો લાભ મળશે. વિન્ડ એનર્જી અને સોલાર એનર્જી ના ઉત્પાદનને પ્રોત્સાહન આપવાને લીધે ઉપભોક્તાને લાભ મળશે. એસસીનાં બજેટમાં ૨૫ ટકામાં વધારો કરીને સરકારે દલિત સમાજ માટે કટિબ્ધતા દર્શાવી છે. ડિજિટલ ઈન્ડિયામાં એક લાખ ગામોમાં કનેક્ટિવિટી વધારાશે. સાગર માલા યોજનાથી ગુજરાત ને વધુ લાભ થશે કારણ કે આપણી પાસે મોટો દરિયાકિનારો છે.'તેમણે કોંગ્રેસ પર નિશાનો સાધતા કહ્યું કે, 'આ એવું બજેટ છે જેમાં વિપક્ષો પણ કંઈ બોલી નહીં શકે.'

૪ ફેબ્રુઆરીથી દેશમાં દોડશે વંદે માતરમ એક્સપ્રેસ, હશે દેશની સૌથી ઝડપી ટ્રેન

ન્યુ દિલ્હી

પીએમ મોદીના મહત્વકાંક્ષી પ્રોજેક્ટમાંના એક ''મેક ઇન ઇન્ડિયા'' હેઠળ દેશમાં બનેલી સૌથી ફાસ્ટ ટ્રેન (વંદે માતરમ એક્સપ્રેસ)ને રાજધાની દિલ્હીથી પ્રયાગરાજ વચ્ચે દોડાવવાની તૈયારીઓ કરાઈ રહી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આ ટ્રેન ૧૮ને ૪ ફેબ્રુઆરીથી દોડવામાં આવી શકે છે. આ ટ્રેનનું ઉદ્ઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે જ કરવાના છે.

આ ટ્રેન ૧૮ની વાત કરવામાં આવે તો, વંદે માતરમ એક્સપ્રેસનું ભાડું દેશની શતાબ્દી ટ્રેનોના મુકાબલામાં ૪૫ ટકા વધુ હોઈ શકે છે. જયારે આ ટ્રેન દેશની અત્યાર સુધીની સૌથી ઝડપી ટ્રેન હશે.

આ પહેલા ટ્રેન ૧૮નો એક સફળ ટ્રાયલ કરવામાં આવી ચુક્યો છે અને સેમી હાઈસ્પીડ ટ્રેન આ ટ્રાયલમાં ૩૦ મિનિટના વિલંબ બાદ સંગમનગરી પહોંચી હતી. આ સફળ ટ્રાયલની ખાસ વાત એ છે કે, ટ્રેન ૧૮ને કાનપુરથી પ્રયાગરાજ સુધીનું ૨૦૦ કિમીનું અંતર માત્ર ૨ કલાકમાં જ કાપ્યું હતું. નવી દિલ્હીથી પ્રયાગરાજ સુધી પહોચવા માટે ટ્રેને ૬.૫૩ કલાકનો સમય લીધો હતો. જો કે આ ટ્રેને ૬.૨૫ કલાકમાં જ પહોચાવાનું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ચેન્નઈની ઈન્ટીગ્રલ કોચ ફેક્ટરીમાં ૧૦૦ કરોડ રૂપિયાના ખર્ચે ''ટ્રેન ૧૮''ને તૈયાર કરવામાં આવી છે. માનવામાં આવી રહ્યું છે કે, આ ટ્રેન જૂની શતાબ્દી ટ્રેનોની જગ્યા લેશે.સાથે સાથે આ ટ્રેનમાં એન્જિન નહિ હોય, પરંતુ કોચમાં જ એન્જિનનો ભાગ હશે.

૨૯ વર્ષની ઉંમરથી કામદારે ૬૦ વર્ષની ઉંમર સુધી ૧૦૦ રૂપિયા દર મહિને આપવા પડશે

મજૂર વર્ગ માટે પેન્શન સ્કીમની જાહેરાત: ૧૦૦ રૂપિયાથી લઈને ૩૦૦૦ સુધીનું પેન્શન મળશે

૬૦ વર્ષની ઉંમર બાદ દર મહિને ત્રણ હજારનું પેંશન મળશે,આ યોજનાથી ૧૦ કરોડ કામદારોને લાભ થશે

ન્યુ દિલ્હી

લોકસભાની ચૂંટણી પહેલા પોતાના અંતિમ બજેટમાં મોદી સરકારે ગરીબ કામદારોને મોટી ભેટ આપી છે. નાણાંમંત્રી પીયૂષ ગોયલે બજેટ ૨૦૧૯માં અસંગઠિત ક્ષેત્રના શ્રમિકો માટે મેગા પેંશન યોજનાની જાહેરાત કરવામાં આવી છે. પ્રધાનમંત્રી શ્રમયોગી માનવધન યોજનાની જાહેરાત કરતા નાણામંત્રીએ જણાવ્યું હતું કે, આ યોજના અંતર્ગત ૨૯ વર્ષની ઉંમરથી કામદારે ૬૦ વર્ષની ઉંમર સુધી ૧૦૦ રૂપિયા દર મહિને આપવા પડશે. ૬૦ વર્ષની ઉંમર બાદ દર મહિને ૩૦૦૦ હજાર રૂપિયાનું પેંશન મળતુ થઈ જશે.

આ ઉપરાંત અસંગઠીત ક્ષેત્રના ૧૦ કરોડ કામદારોને નિવૃત્તિ બાદ એક ન્યૂનતમ પેંશનની ગેરેંટી આપવામાં આવશે. પ્રધાનમંત્રી શ્રમયોગી માનવધન યોજના અંતર્ગત ૧૫ હજાર રૂપિયાથી ઓછા કમાનારા ૧૦ કરોડ શ્રમિકોને લાભ મળશે. આ યોજના અંતર્ગત દર મહિને ૫૫ રૂપિયા જમા કરાવવાના રહેશે. યોજનાનો લાભ રીક્ષા ચાલક, કરો વિણનારાને પણ મળશે. પેંશન યોજના માટે શરૂઆતમાં ૫૦૦ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. પેંશન યોજનાની શરૂઆત આ વર્ષથી જ અમલી બનશે.

આ સ્કીમનો લાભ અસંગઠિત ક્ષેત્રમાં કામ કરનારા એવા મજુરોને મળશે જેમની માસિક આવક ૧૫ હજાર કરોડ રૂપિયાથી ઓછી છે. આ યોજનનો લાભ અસંગઠીત ક્ષેત્રમાં સૌથી નબળા ૨૫ ટકા લોકો માટે એક ફાઈનાંસિલ સિક્યોરિટી સ્કીમ અંતર્ગત મળશે. સરકારના આ પગલાથી ઘરઆંગણે નોકરીઓ, ડ્રાઈવરો, પ્લંબર, વિજળીનું કામ કરનારા કામદારોને લાભ થઈ શકે છે. જે આ સ્કીમ અંતર્ગત ૧૫ હજારથી પણ ઓછા કમાય છે.

લોકસભામાં વર્ષ ૨૦૧૯-૨૦નું અંતરિમ બજેટ રજુ કરતા ગોયલે જણાવ્યું હતું કે, આ યોજનાથી ૧૦ કરોડ કામગારોને લાભ થશે અને આગામી પાંચ વર્ષમાં અસંગઠીત ક્ષેત્ર માટે વિશ્વની સૌથી મોટી પેંશન યોજના બની શકે છે. ભારતમાં લગભગ ૫૦ કરોડની વર્કફોર્સ છે, જેમાંથી ૯૦ ટકા ભાગ અસંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે. કામદારોને સામાન્ય રીતે સરકારો તરફથી નક્કી કરવામાં આવેલુ ન્યૂનતમ વેતન પણ નહોતુ મળતું કે નાતો પેંશન અને હેલ્થ ઈન્સ્યોરંસ જેવી કોઈ સોશિયલ સિક્યોરિટી નહોતી મળતી.







તંત્રી સ્થાનેથી...

આનાથી શુ હાંસલ થશે ?

પોતાની નિષ્ફળતાને છુપાવવા માટે કલા અમારા રાજનેતાઓ પાસેથી જ શિખવા જેવી છે. જે વચન પાળી શકતા નથી તે બાબતોને પણ ખુબ જ વિનમ્રતા સાથે સ્વીકાર કરવાના બદલે કોઈને કોઈ રસ્તો શોધી કાઢે છે. તાજેતરમાં જ આપવામાં આવેલા એક ઈન્ટરવ્યુમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખુબ કુશળતા આ મુદ્દે દર્શાવી હતી. બેરોજગારીના મુદ્દા પર મોદીએ બચાવનો રસ્તો શોધી કાઢ્યો હતો. મોદીએ ઈન્ટરવ્યુમાં કહ્યુ હતુ કે નોકરીની કમીથી વધારે મુદ્દો નોકરીના આંકડાની કમીનો છે. એટલે કે મોદી માને છે કે દેશમાં રોજગારીની તક તો ઉભી થઈ રહી છે. જો કે સરકાર પાસે તેના આંકડા નથી. સવાલ એ છે કે દેશમાં આજે દરેક ચીજોના આંકડા રહેલા છે ત્યારે નોકરીના આંકડા એકત્રિત કરવામાં સમસ્યા શુ આવી રહી છે. આ વર્ષે રેલવેમાં ૯૦ હજાર નોકરી માટે બે કરોડ ૮૦ લાખ દાવેદારોએ ફોર્મ ભર્યા હતા. એટલે કે એક સીટ માટે આશરે ૩૦૦ દાવેદાર રહ્યા હતા. દરેક પ્રકારની ભરતીની સ્થિતી હાલમાં એવી જ રહેલી છે. ચોથા વર્ગના કર્મચારીની એક જગ્યા માટે ૩૦૦-૪૦૦ ફોર્મ આવવાની બાબત સામાન્ય બાબત છે. આ સ્થિતી રોજગારીની તકની કમી તરફ સ્પષ્ટ ઈશારો કરે છે. બીજી બાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લાગે છે કે બેરોજગારીના મુદ્દાપર વિરોધ પક્ષો તેમને બિનજરૂરી રીતે ઘેરે છે. આ સવાલ વિપક્ષનો નથી પરંતુ દેશનો છે કે નોકરીની તક કેમ ઝડપથી ઉભી થઈ રહી નથી. દેશના કરોડો લોકો આ પ્રશ્ન કરી રહ્યા છે. ચૂંટણી પહેલા મોદી તેમની સભામાં પાંચ વર્ષમાં ૧૦ કરોડ લોકોને રોજગારી આપવાની વાત કરી રહ્યા હતા. સરકારને હવે આસંબંધમાં હિસાબ આપવાની જરૂર છે. સરકારને આ બાબતનો હિસાબ આપવાની જરૂર છે કે છેલ્લા ચાર વર્ષના ગાળામાં કેટલા યુવાનોને રોજગારીની તક આપવામાં આવી છે. કેટલાને રોજગારી મળી ગઈ છે. આંકડા નહીં હોવાની વાત કરીને મોદીએ દેશના લોકોને ગેરમાર્ગે દોરવાના પ્રયાસ કર્યા છે. મોદીએ દેશને પારદર્શી સરકાર આપવાની પણ વાત કરી હતી. પારદર્શી સરકારનો અર્થ છે કે જે પણ કામ કરવામાં આવે તે તમામ કામોને પ્રજાની સમક્ષ રજૂ કરવામાં આવે. આ રાજકીય પેંતરાબાજીનો નહીં બલ્કે વિશ્વસનીયતોનો પ્રશ્ન છે. જ્યાં યોગ્ય લાગે ત્યા આંકડા આપીને પ્રશંસા મેળવી લેવાની બાબત યોગ્ય નથી. જ્યારે નિષ્ફળતા મળે ત્યાં આંકડા નથી તેમ કહીને જવાબદારીમાંથી છુટી જવાય નહી. જનભાવનાની સાથે ચેડા કરવાની બાબત યોગ્ય નથી. સામાન્ય વ્યક્તિ સરકારની પસંદગી એટલા માટે કરે છે કે તેની અપેક્ષાને પૂર્ણ કરવાના પ્રયાસો કરવામાં આવે. સરકારની સારી અને ખરાબ બાબતોનો હિસાબ કરવામાં આવે તે જરૂરી છે. ચૂંટણી પહેલા કરવામાં આવતા વચનો પૂર્ણ કરવામાં આવે તે અતિ જરૂરી છે. લોકશાહીનો યોગ્ય અર્થ પણ એ છે. મોદી સરકાર રોજગારીના મામલે અપેક્ષા કરતા નબળી સાબિત થઈ રહી છે તે બાબતમાં કોઈ બે મત નથી. આંકડા ચોક્કસપણે આપવા જોઈએ. સર્વેના મુસદ્દા લીક થવાના કારણે હાલમાં ભારે ચર્ચા જાગી છે. જેમાં કહેવામાં આવ્યુ છે કે લોકો કામ ધંધાથી દુર થઈ રહ્યા છે. રોજગારી પણ ઘટી છે. જો કે નેતાઓ છટકબારી રાખે છે.

તમામ ચીજોના આંકડા મળી રહ્યા છે તો રોજગારીના આંકડા કેમ મળી રહ્યા નથી

દરરોજ ૨૦૦૦ ખેડુત ખેતી છોડી રહ્યા છે

કૃષિને લઈ ભારે ઉદાસીનતા

દેશમાં ખેડુતોની હાલત દિન પ્રતિદિન ખરાબ થઈ રહી છે. ખેડુતો આર્થિક મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. આ એક એવા ક્ષેત્ર તરીકે હવે છે જેમાં ખર્ચ તો સતત વધી રહ્યા છે પરંતુ આવક નોંધપાત્ર રીતે ઘટી રહી છે. ખેતી હવે નુકસાનના સૌદા તરીકે છે. ખેડુત તક મળતાની સાથે જ આને છોડીને મુશ્કેલીમાંથી બહાર આવવા માટે ઈચ્છુક છે. વર્ષ ૨૦૧૧ના આંકડાને ધ્યાનમાં લેવામાં આવે તો દેશમાં ૨૦૦૦ ખેડુતો દરરોજ ખેતી છોડી રહ્યા છે. છેલ્લા સાત વર્ષના ગાળામાં આ સંખ્યા વધારે ઝડપથી વધી ગઈ છે. અભ્યાસ કહે છે કે માત્ર બે ટકા ખેડુતોના બાળકો જ ખેતીને પ્રોફેશન તરીકે જાળવી રાખવા માટે હવે ઈચ્છુક છે. બાકી ખર્ચને એકબાજુ રાખીને પણ માત્ર ખેતીના ખર્ચ પર ધ્યાન આપવામાં આવે તો તે પણ નોંધપાત્ર રીતે વધે છે. જ્યારે આવક તો ઘટી રહી છે. અત્રે નોંધનીય છે કે ખેડુતોને પણ સામાન્ય વ્યક્તિની જેમ જ બાળકોના અભ્યાસ, લગ્ન પ્રસંગ અને અન્ય આયોજન માટે પૈસાની જરૂર હોય છે. આજે દેશના કેટલા ખેડુતો દર વર્ષે ખેતીમાંથી પાંચ લાખ રૂપિયા કાઢી શકે છે. ભાજપે ચૂંટણી પહેલા સ્વામીનાથન રિપોર્ટ લાગુ કરવાની વાત કરી હતી જેમાં પાકના લઘુતમ સમર્થન મુલ્યને ખર્ચ કરતા દોઢ ગણુ કરવાની વાત કરવામાં આવી હતી. જો કે સરકાર ખર્ચના મુલ્યાંકનના આંકડામાં જ રમી રહી છે. પોતાની સાથે સતત થઈ રહેલા વિશ્વાસઘાત પર લોકોને જાગૃત કરવા માટે ખેડુતો ખાસ સત્ર સંસદનુ બોલાવવા માટેની માંગ કરે તે જરૂરી છે. કૃષિ સંકટના કારણે આજે ખેડુતો ખુબ મુશ્કેલ સ્થિતીનો સામનો કરી રહ્યા છે. રાજકીય પક્ષો દ્વારા માત્ર ખેડુતોની વાત કરવાથી તેમની સમસ્યા ઉકેલાશે નહી.

શત્રુધ્ન, યશવંત સિંહા, કિર્તી આઝાદ, અરૂણ શૌરીની સમસ્યા...

ભાજપના ૪ અસંતુષ્ટ પર અંકુશ જરૂરી



કોઈ સમય ભાજપના સૌથી સિનિયર નેતા અને વાજપેયી સરકારમાં પ્રધાન રહેલા સિંહા હાલમાં ભાજપના સૌથી કટ્ટર વિરોધી બન્યા છે

સામાન્ય ચૂંટણી નજીક આવી ગઈ છે ત્યાકે કેટલાક અસંતુષ્ટ સભ્યો અને સિનિયર નેતાઓ જ ભાજપની પ્રતિષ્ઠાને સૌથી વધારે નુકસાન પહોંચાડી રહ્યા છે. આ સિનિયર અને અસંતુષ્ટ નેતાઓની ભાજપને લઈને રહેલી નારાજગ સમજાઈ રહી નથી પરંતુ આ લોકો પાર્ટીને નુકસાન કરી રહ્યા છે. કોઈ સમય પાર્ટી માટે ઉપયોગી રહેલા આ લોકો આજે સૌથી મોટા કટ્ટર વિરોધી તરીકે છે. ભાજપના ચાર નારાજ નેતાઓ પર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. આ લોકો સરકારની ટિકા કરીને મોરચા ખોલી ચુક્યા છે. જો કે પોતાની રમતના આગામી પત્તા આ લોકો ખોલી રહ્યા નથી. સામે ભાજપે પણ છેલ્લા કેટલાક સમયથી આ લોકો દ્વારા વ્યાપક ટિકા થઈ રહી હોવા છતાં કોઈ પગલા લીધા નથી. યશવંતસિંહાની વાત કરવામાં આવે તો તેઓ ભાજપના સૌથી સિનિયર નેતા પૈકીના એક તરીકે રહ્યા છે. અટલ બિહારી વાજપેયીની સરકાર હતી ત્યારે તેમની પાસે મોટી જવાબદાર હતી. સિંહા એક વખતે નાણાં પ્રધાન તરીકે હતા. કેટલાક બજેટ પણ રજૂ કર્યા હતા. જો કે હાલના દિવસોમાં સરકારના સૌથી મોટા કટ્ટર વિરોધી તરીકે સિંહા રહેલા છે. તેમના પુત્ર જયંત સિંહા મોદી સરકારમાં પ્રધાન હોવા છતાં સરકારની ટિકા કરી રહ્યા છે. સામાન્ય ચૂંટણી બાદ તેમના આગામી પગલાને લઈને ચર્ચા છે. જો કે તેમની લોકસભા ચૂંટણી લડવાની શક્યતા ઓછી દેખાઈ રહી છે. વિપક્ષની કોઈ ટીમ તેમને રાજ્યસભા મોકલી શકે છે. સિંહા દ્વારા વિપક્ષી ગઠબંધનને દરેક રીતે મદદ કરવા માટેના પ્રયાસ કરી રહ્યા છથે. જો કે સામાન્ય ચૂંટણી પહેલા તેમના કોઈ પાર્ટીમાં જવાની શક્યતા ઓછી છે. બીજી બાજુ બોલિવુડમાં લાંબા સમય સુધી એક્ટિંગ કરી ચુકેલા લોકપ્રિય સ્ટાર શત્રુઘ્ન સિંહા બિહારની પટણા સિટીમાંથી લોકસભાના સાંસદ તરીકે છે. સિંહા વર્ષ ૨૦૧૪માં સામાન્ય ચૂંટણી જત્યા બાદ એક વર્ષ પછી જ અસંતુષ્ટ થઈ ગયા હતા. સિંહા સતત ભાજપ વિરોધી નિવેદન કરી રહ્યા છે. વિરોધી છાવણીમાં હાજરી આપી રહ્યા છે. હાલમાં બંગાળમાં મહારેલી વેળા પણ હાજર રહ્યા હતા. જો કે સિંહાએ હજુ સુધી પાર્ટીમાંથ રાજીનામુ આપ્યુ નથી. સાથે સાથે પાર્ટી દ્વારા તેમની હકાલપટ્ટી પણ કરવામાં આવી નથી. અલબત્ત આ નેતાઓને પાર્ટીમાંથી કાઢી મુકવા માટેની માંગ સતત ઉઠી રહી છે. હાલમાં ૧૯મી જાન્યુઆરીના દિવસે મમતાની રેલીમાં શત્રુ હાજર રહ્યા હતા. સરકારની ટિકા પણ કરી હતી. રેલીમાં મંચ પર દેખાયા બાદ પાર્ટીએ સંકેત આપ્યા છે કે તેમની સામે કોઈ પણ સમય કાર્યવાહી કરવામાં આવી શકે છે. શત્રુઘ્ન સિંહાએ તેમના પત્તા હજુ સુધી ખોલ્યા નથી પરંતુ એમ માનવામાં આવે છે કે તેઓ કોંગ્રેસના સંપર્કમાં છે. તેઓ પોતાની જુની સીટ પરથી મહાગઠબંધનના ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતરી શકે છે. જો કે હાલમાં આમ આદમી પાર્ટીની ટિકિટ પર કોઈ જગ્યાએથી તેમની લડવાના અહેવાલ પણ આવ્યા હતા. જો કે કોંગ્રેસ પાર્ટીની ટિકિટ પર તેઓ ચૂંટણી લડે તેવી સંભાવના વધારે છે. ભાજપમાંથી હકાલપટ્ટી કરવામાં આવેલા સાંસદ કિર્તિ આઝાદ હજુ સુધી પોતાની દિશા નક્કી કરી શક્યા નથી. સુત્રોના કહેવા મુજબ તેઓ પણ છેલ્લા કેટલાક સમયથી કોંગ્રેસના સંપર્કમાં છે. તેમની મુલાકાત કોંગ્રેસના પ્રમુખ રાહુલ ગાંધીની સાથે પણ થઈ ચુકી છે. જો કે હાલમાં તેઓ ભાજપના હિસ્સા તરીકે રહ્યા છે. આજાદ બિહારમાં દરભંગા બેઠક પરથી લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસની ટિકિટ પર ચૂંટણી લડવાની સંભાવના વધારે છે. વર્ષ ૨૦૧૪માં સાંસદ તરીકે ચૂંટાઈ આવ્યા બાદ આજાદ અસંતુષ્ટ થઈ ગયા હતા. આઝાદે કેન્દ્રિય પ્રધાન જેટલી પર પ્રહારો કર્યા હતા.

અરૂણ શૌરી પણ એવા નેતામાં સામેલ રહ્યા છે. જે મોદીને વડાપ્રધાન બનાવવાને લઈને વર્ષ ૨૦૧૦માં આગળ આવ્યા હતા. આજે મોદીના સૌથી મોટા કટ્ટર વિરોધી નેતા તરીકે છે. વિપક્ષી ગઠબંધનના મંચ પર શૌરી પર નજરે પડી રહ્યા છે. બિન કોંગ્રેસી પાર્ટીના સંપર્કમાં હોવાની જાણકારી મળી રહી છે.

ખેડુતોને લઈને તમામ રાજકીય પક્ષોની સમજ એક સમાન રહી છે...

પક્ષોની પાસે કૃષિ સંકટના ઉપાય નથી



રાહુલ ગાંધીએ ખેડુતોના દેવામાફીની વાત કરીને સાબિતી આપી છે કે ખેડુતોની આવક વધારવાની કોઈ યોજના કોઈની પાસે નથી

દેશના મોટા ભાગના વિસ્તારોમાં ખેડુતો અનેક પ્રકારની મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. રાજકીય પક્ષો ખેડુતોના હિતોની વાત કરી રહ્યા છે. જો કે વર્ષોથી ખેડુતોની જે પ્રકારની સ્થિતી રહી છે તેનાથી સાબિતી મળે છે કે કોઈ પણ રાજકીય પક્ષો પાસે કૃષિ સંકટના ઉપાય નથી. ખેડુતોને લઈને તમામ રાજકીય પક્ષોના વિચાર અને સમજ એક સમાન રહી છે. હાલમાં રાહુલ ગાંધી ખેડુતોની લોન માફીની વાત કરી રહ્યા છે જે સાબિત કરે છે કે તેમની પાસે પણ કોઈ નક્કર યોજના નથી. કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ જુદા જુદા સ્થળો પર વારંવાર કહ્યુ છે કે જો તેમની સરકાર લોકસભા ચૂંટણી બાદ સત્તામાં આવશે તો ગણતરીના દિવસોમાં જ ખેડુતોની લોનને માફ કરી દેવામાં આવનાર છે. રાહુલ ગાંધીએ સત્તામાં આવતાની સાથે જ દેવામાફીની વાત કરીને એકવાર ફરી સ્પષ્ટતા કરી દીધી છે કે ખેડુતોને લઈને કોઈ નક્કર યોજના કોઈની પાસે નથી. તેમના નિવેદનથી સાબિતી મળી ગઈ છે કે ખેડુતોને લઈને તમામ રાજકીય પક્ષોની વિચારધારા એક સમાન છે. જે પાર્ટી વિપક્ષમાં હોય છે તે દેવા માફીની વાત કરે છે અને જે સત્તામાં હોય છે તે ખચકાટ અનુભવ કરે છે. સત્તા મળી ગયા બાદ એક મર્યાદા સુધી ચોક્કસરપણે દેવામાફી કરવામાં આવે છે. સાથે સાથે આના કારણે સરકારી ખજાના પર બોજ પડ્યો હોવાની વાતને લઈને રડ્યા રાખે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં સમગ્ર દેશના માપદંડ પર કેટલાક રાજ્યોના સ્તર પર દેવા માફીની જાહેરાત કરવામાં આવી ચુકી છે. આના કારણે ખેડુતોની હાલતમાં કોઈ સુધારો થયો નથી. હકીકતમાં તેમની સતત વધતી જતી ગરીબીના કારણે સ્થિતીનો ઉકેલ લવાતો નથી. ખેડુતોની સમસ્યા તરફ કોઈ રાજકીય પાર્ટીએ ગંભીરતાથી ધ્યાન આપ્યુ નથી. જેથી સમસ્યા દિન પ્રતિદિન વધુને વધુ ગંભીર બનતી ગઈ છે. કોઈ પણ રાજકીય પક્ષ પાસે સમસ્યાનો ઉકેલ નથી. દેશમાં જે કૃષિ સંકટ છે તેને લઈને કોઈની પાસે કોઈ ઉકેલ નથી. એક એવા આર્થિક ક્ષેત્રને જેમાં ખર્ચ સતત વધી રહ્યા છે અને આવક ઘટી રહી છે તેવા ક્ષેત્રને દેવામાફીની બાબતથી ક્યાં સુધી બચાવી શકાશે. માફ કરવામાં આવેલી રકમ છેવટે તો રાજ્યોના ખજાના પર જાય છે. જેમાં કેટલાક તો આજે પોતાના કર્મચારીઓને પગાર ચુકવી દેવાની સ્થિતીમાં નથી. અસલ પડકાર તો ખેડુતોની આવક વધારી દેવા સાથે સંબંધિત છે. જેને લઈને કોઈ યોજના કોઈ રાજકીય પક્ષ પાસે નથી. ખેતી હવે દિન પ્રતિદિન નુકસાનના સૌદા તરીકે છે. ખેડુત તક મળતાની સાથે જ તેમાંથી બહાર નિકળી જવાના પ્રયાસ કરે છે. રાહુલ ગાંધીએ દરેક રાજ્યમાં જે રીતે વાત કરે છે તેવી જ રીતે ફરી વાત કરી હતી. ખેડુતોની સમસ્યા કઈ રીતે ઉકલાશે તે અંગે તેમની પાસે કોઈ યોજના નથી. ખેડુતોના મુદ્દા પર મોટી વાત કરી રહ્યા છે પરંતુ મોદી સરકારના ચાર વર્ષના ગાળા પહેલા કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએ સરકારની છેલ્લા ૧૦ વર્ષ સુધી સરકાર હતી. એ વખતે કોઈ પગલા લેવામાં આવ્યા ન હતા. હવે જ્યારે વિરોધ પક્ષમાં છે ત્યારે દેવા માફીની જાહેરાતની વાત થાય છે. હાલમાં હિન્દી પટ્ટાના કેટલાક રાજ્યોમાં યોજાયેલી ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીની જીત થઈ છે. જીતને કેટલાક મહિનાનો સમય થઈ ગયો હોવા છતાં ખેડુતોની સમસ્યા અકબંધ રહી છે. ખેડુતોની લોન માફીની જાહેરાત પણ કરવામાં આવી છે. જો કે લાભ લોકો સુધી પહોંચી રહ્યા નથી. લાભ તમામ સુધી પહોંચે તેને લઈને કેટલીક જટિલ સ્થિતી રહેલી છે. આ તમામ જટિલ સ્થિતીના કારણે ખેડુતો હેરાન પરેશાન રહે છે. બીજી બાજુ ખેડુતોની સમસ્યાને હલ કરવા માટે ખેડુત આગેવાનો અને જુદા જુદા સ્તર પર ખેડુતોના પ્રતિનિધીઓ સાથે સતત બેઠકો યોજવામાં આવે તે જરૂર છે. ખેડુતોની સમસ્યા અનેક પ્રકારની છે. ખેડુતો માટે જે યોજના જાહેર કરવામાં આવે છે તે યોજનાના લાભ તેમને મળી રહ્યા છે કે કેમ તેની ખાતરી કરવા માટેની જવાબદારી પણ સરકારની બને છે. આના માટે સરકારે કોઈ યોજના અમલી કરવામાં આવ્યા બાદ તેના લાભ કેટલી હદ સુધી પહોંચ્યા છે તેની ખાતરી પણ કરવા માટે જુદી જુદી ટીમ બને તે જરૂરી છે. સ્વતંત્રતા ભારત બાદ ખેડુતોની સ્થિતીને હળવી કરવા માટે વિવિધ પગલા લેવામાં આવ્યા હોવા છતાં ખેડુતો ૭૦ વર્ષના લાંબા ગાળા બાદ પણ તેમની સ્થિતીને વધારે સરળ બનાવી શક્યા નથી. ખેડુતોની આવકને બે ગણી કરવા માટે મોદી સરકાર પણ વાત કરી રહી છે. આ દિશામાં કેટલાક પગલા લેવામાં આવ્યા છે પરંતુ હજુ વધુ નક્કર પહલ કરવાની જરૂર છે.

સૂર્યને નજીકથી જાણવા ગયેલા યાને પ્રથમ યાત્રા કરી પૂરી: નાસા

લોન્ચના માત્ર ૧૬૧ દિવસ બાદ અંતરિક્ષ એજન્સી નાસાના અંતરિક્ષ યાન 'પાર્કર સોલાર પ્રોબ'એ સૂર્યની કક્ષામાં પોતાનું પ્રથમ ભ્રમણ પૂરું કરી લીધું

વૉશિંગ્ટન

લોંચના માત્ર ૧૬૧ દિવસ બાદ અંતરિક્ષ એજન્સી નાસાના અંતરિક્ષ યાન 'પાર્કર સોલાર પ્રોબ'એ સૂર્યની ભ્રમણ કક્ષામાં પોતાનું પ્રથમ ભ્રમણ પૂરું કરી લીધું છે. હવે તે પ્રસ્તાવિત ૨૪ ભ્રમણ કક્ષાઓમાં પોતાની યાત્રાનો બીજો રાઉન્ડ શરૂ કરશે. એ દરમિયાન તે સૂર્યની સૌથી નજીક પહોંચશે. નાસાએ જણાવ્યું કે, ૧૨ ઓગસ્ટના રોજ પ્રક્ષેપિત તેમનું કાર આકારનું અંતરિક્ષ યાન સૂર્યથી ૩૮ લાખ માઈલ દૂર સુધીની યાત્રા કરશે અને ૪ એપ્રિલ, ૨૦૧૯ના રોજ સૂર્યની સૌથી નજીક પહોંચી જશે.

પોતાના અભિયાન દરમિયાન અંતરિક્ષ યાન સૂર્યના કુલ ૨૪ ચક્કર કાપશે. જોન હોપકિન્સ યુનિવર્સિટીના એપ્લાઈડ ફિઝિક્સ લેબોરેટરીના પ્રોજેક્ટના મેનેજર એન્ડ્રી ડાઈસમેને જણાવ્યું કે, 'અંતરિક્ષ યાનનું પ્રથમ ભ્રમણ સુંદર રહ્યું છે. આ દરમિયાન અમે અંતરિક્ષ યાનની કાર્યપ્રણાલી અને સંચાલન અંગે ઘણું બધું શીખ્યું છે.

અમને જાણવા મળ્યું છે કે, તે સૌર પર્યાવરણમાં કેવા પ્રકારનો વ્યવહાર કરે છે. મને એ કહેવાનો આનંદ છે કે, ટીમનું અનુમાન એકદમ સચોટ હતું. અંતિરક્ષ યાને ૧ જાન્યુઆરીના રોજ સંપૂર્ણપણે કામ કરવાનું શરૂ કરી દીધું હતું અને તેની તમામ પ્રણાલીઓ ઓનલાઈન થઈ ગઈ છે તથા નક્કી કરેલા કાર્યક્રમ મુજબ કામ કરી રહી છે.

અંતરિક્ષ યાન પોતાના ઉપકરણો મારફતે અંતરિક્ષ નેટવર્કના માધ્યમથી ધરતી પર આંકડા મોકલી રહ્યું છે અને અત્યાર સુધી વિજ્ઞાન સાથે જોડાયેલા ૧૭ ગીગાબાઈટના આંકડા ડાઉનલોડ કરી દેવાયા છે. તમામ આંકડા એપ્રિલ મહિના સુધી ડાઉનલોડ કરી લેવાશે.

સાયકલ યાત્રા સંદર્ભે સુરત મહાનગર પાલિકાને બેસ્ટ પર્ફોમિંગ સીટીનો એવોર્ડ

નવી દિલ્હીમાં સુરત મહાનગરપાલિકાને એવોર્ડ એનાયત

સુરત

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતી ઉજવણીના ભાગરૂપે ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓર્થોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા સ્વસ્થ ભારત યાત્રાનાં બેનર હેઠળ એક સાઈકલ યાત્રા સમગ્ર દેશમાં ૧૬-૧૦-૨૦૧૮ થી કરવામાં આવેલ હતી. જે યાત્રા ગુજરાત ખાતે તા.૧૯-૧૧-૨૦૧૮ થી દાંડી ખાતેથી પ્રવેશ કરીને સુરત ખાતે તા.૨૦-૧૧-૨૦૧૮ના રોજ સુરત શહેરમાં આવી હતી. દાંડીથી સુરત આવેલા સાઈકલીસ્ટોને મહાનુભાવો દ્વારા સ્વાગત કરી પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવેલા. તા.૨૧-૧૧-૨૦૧૮ના રોજ સવારે ૭.૩૦ કલાકે એન.સી.સી. કેડટ્સ, શાળા કોલેજના વિદ્યાર્થીઓ, વિવિધ એસોસિએશનના હોદ્દેદારો તથા અંદાજે ૧૫૦૦ જેટલા નગરજનોનાં સથવારે ઈટ રાઈટ ઈન્ડિયા થીમ પર ઈટ હેલ્થી, ઈટ સેફ્ટી, ઈટ ફોર્ટીફાઈડ અને નો ફુડ વેસ્ટના સૂત્રને અનુસરવા જનજાગૃતિ અર્થે પ્રભાત ફેરી કરવામાં આવેલ હતી. ત્યારબાદ સવારે ૧૧.૦૦ કલાકે સાયન્સ સેન્ટર ઓડીટોરિયમ ખાતે ઈટ રાઈટ ઈન્ડિયા મુવમેન્ટના વિષય પર સેમિનાર રાખી લોક જાગૃતિનો કાર્યક્રમ યોજેલ હતો. સાંજે ૫.૦૦ કલાકે સુરત શહેરના વિવિધ વિસ્તારો જેવા કે સબજી મંડી, સાયન્સ સેન્ટરની સામે સીટી લાઈટ ખાતે, સ્ટ્રીટ ફુડ હબ, ચોપાટી, અઠવાગેટ તથા નાઈટ બજાર પીપલોદ ઈટ રાઈડ ઈન્ડિયા મુવમેન્ટ વિષય પર સેમિનાર રાખી લોક જાગૃતિનો કાર્યક્રમ યોજેલ હતો.

જેના અનુસંધાનમાં સ્વસ્થ ભારત સાયકલ યાત્રાનું સુરત મહાનગરપાલિકા દ્વારા સર્વશ્રેષ્ઠ આયોજન કરેલ હોય તે માટે ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓર્થોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા બેસ્ટ પર્ફોમિંગ સીટીનો એવોર્ડ સુરત મહાનગરપાલિકાને તા.૧૯-૧-૨૦૧૯ના રોજ ન્યુ દિલ્હી ખાતે આપવામાં આવેલ છે.

ટોલટેક્સ ભરવા બાબતે હાર્દિકે ટોલનાકાના કર્મચારી સાથે ઝપાઝપી કરી

ગાંધીનગર

પાટીદાર અનામત આંદોલનના કન્વીનર હાર્દિક પટેલના એક અવાજથી ગુજરાતના હજારો પાટીદાર યુવાનો ભેગા થઈ જાય છે. ગુજરાત સરકાર અને પોલીસની સામે લડી રહેલો હાર્દિક હવે ગુજરાત સિવાયના બીજા રાજ્યોમાં પોતાની ધાક જમાવી રહ્યો છે. ધાક જમાવવા જેવા શબ્દનો ઉપયોગ એટલા માટે કરવો પડે કે, હવે હાર્દિક પટેલ ટોલ ટેક્સ ભરવા જેવી નાની-નાની બાબતે પણ આક્રમક થઈ જાય છે. આ સમગ્ર મામલે સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર વાત કરવામાં આવે તો મધ્યપ્રદેશના ધારા જિલ્લામાં હાર્દિક પટેલે અને તેની કારના ડ્રાઈવરે ટોલનાકા પર ટેક્ષ ભરવા જેવી નજીવી બાબતે ઝઘડો કર્યો હતો. ઈન્દોર- અમદાવાદ હાઈ-વે પર આવેલા જૂનાપાણી ટોલનાકા પર જ્યારે હાર્દિક પટેલની કાર પહોંચી ત્યારે ટોલનાકાના કર્મચારીએ હાર્દિક પટેલના ડ્રાઈવર પાસેથી ટોલટેક્ષની માગણી કરી ત્યારે ડ્રાઈવરે કહ્યું હતું કે, 'આ હાર્દિક પટેલની ગાડી છે, તેના પર ટોલ લાગતો નથી.'

આ વાતને લઈને ડ્રાઈવર અને ટોલનાકાના કર્મચારી વચ્ચે બોલાચાલી થઈ તે દરમિયાન હાર્દિક પટેલ પોતાની કારમાંથી નીચે ઉતાર્યો અને ટોલનાકાના કર્મચારી સાથે ઝપાઝપી કરી હતી. ત્યારબાદ હાર્દિક પટેલ અને તેનો ડ્રાઈવર કાર ટોલનાકા એક કર્મચારીના પગ પરથી ચલાવીને નીકળી ગયા હતા. સમગ્ર ઘટના અંગે ટોલનાકાના કર્મચારીઓએ પોલીસને જાણ કરતાં રાજગઢ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. પરંતુ પોલીસ આવે ત્યાં સુધીમાં તો હાર્દિક ટોલનાકાથી ઘણો આગળ નીકળી ગયો હતો. સમગ્ર ઘટનાને લઈ હવે પોલીસ દ્વારા ટોલનાકા પર લાગેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ ચેક કરવામાં આવશે અને ત્યારબાદ જવાબદાર વ્યક્તિ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આત્મહત્યા કરનાર પત્નીની લાશને ફેંકવા જતો પતિ ઝડપાયો

વાપી

વાપીમાં ૨૬મી જાન્યુઆરીના રોજ રાત્રીના પતિ-પત્ની વચ્ચે મોબાઈલ બાબતે ઝઘડો થયા બાદ પત્નીએ રૂમમાં ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. આપઘાત કરનાર પત્નીની લાશને પતિ ખભે ઉપાડી લાશને નદીમા નાંખવા જતાં એક રિક્ષા ચાલક જોઈ જતા પતિ લાશ મૂકીને નાશી છૂટ્યો હતો. તેને ડુંગરા પોલીસ ઝડપી પાડ્યો છે.

મળતી માહિતી પ્રમાણે વાપી તાલુકાના લવાછા ગામે શિવનગરમાં રહેતા દુર્ગાવતી દેવી નામની મહિલાની લાશ રવિવારે રસ્તા ઉપરથી મળી આવી હતી. આ મૃતક મહિલાનો પતિ ઘટના બાદ ગાયબ હોય પોલીસે મા માલે હત્યાની આશંકા સેવી હતી. જોકે, તે પછી બુધવારે તેનો પતિ સોમનાથને પોલીસે ઝડપી પાડ્યો હતો. તેની સઘન પૂછપરછ કરતા તેણે પોલીસને જણાવ્યું હતું કે, ૨૬મીની રાત્રીએ મેળામાં પતિ પત્ની ફરવા ગયાહતા.

રાત્રીના મોબાઈલ બાબતે બંને વચ્ચે ઝઘડો થયો હતો. તેનું માઠુ લાગી આવતા પત્નીએ રૂમ બંધ કરી અંદર પંખામાં દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ લેતા તેનું મોત થયું હતું. આ વાતની કોઈને જાણ ન થાય તે માટે સોમનાથે પત્ની દુર્ગાવતીને પંખેથી ઉતારી અને ખભા ઉપર મુકી તેની લાશને નદીમાં નાંખવા જતો હતો. પરંતુ એક રિક્ષાવાળો સામેથી આવતો દેખાતા તે લાશને ત્યાં મુકી નાસી છૂટ્યો હતો. પોલીસ તપાસમાં પણ યુવતીએ ગળે ફાંસો ખાવાથી મોત થયું હોવાનું પીએમમાં નીકળ્યું હતું. ડુંગરા પોલીસના જણાવ્યા પ્રમાણે બંનેનો લગ્નગાળો દોઢ વર્ષનો છે અને સંતાન પ્રાપ્તિ માટે બંને વચ્ચે ઝઘડો થો રહેતો હતો. ૨૬મીએ રાત્રીના તેમની વચ્ચે મોબાઈલમાં વીડિયો જોવા બાબતે ઝઘડો થયો હતો. પોલીસે આરોપી સોમનાથને કોર્ટમાં રજૂ કરતા કોર્ટે તેને જ્યુડીશિયલ કસ્ટડીમાંમ મોકલવાનો આદેશ કર્યો છે.

સુરતના ટેક્સટાઈલ્સ ઉદ્યોગ માટે બજેટમાં કોઈ રાહત નથી

સુરત

ટેક્સટાઈલ્સ ઈન્ડસ્ટ્રીઝના આગેવાન ચંપાપાલ બોધરાએ આ બજેટને મધ્યમ વર્ગને લાભ કરનારૂ જણાવીને ઉમેર્યું હતું કે નોટબંધી, જીએસટીના મરણતોલ માર સહન કરનાર કાપડ ઉદ્યોગને આ બજેટમાં કોઈ રાહત મળી નથી. કાપડ ઉદ્યોગની જે માંગ હતી તે આ બજેટમાં વર્કઆઉટ કરવામાં આવ્યું નથી. તમામ માંગણીઓ પૈકીની કોઈ માંગણી સરકારે સ્વીકારી નથી એમ પણ ચંપાલાલ બોધરાએ જણાવ્યું હતું.

બેંક થાપણ ટીડીએસ મર્યાદા વધારાઈ

બજેટ મુખ્ય હાઈલાઈટ્સ

નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે વચગાળાના બજેટમાં નાણામંત્રી પીયુષ ગોયેલે આજે શ્રેણીબદ્ધ જાહેરાતો કરી હતી. એપ્રિલ મહિનામાં નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ની શરૂઆત થઈ રહી છે. સામાન્ય ચૂંટણી પહેલા વચગાળાના બજેટને રજૂ કરવામાં આવ્યા બાદ તેની આજે ચર્ચા જોવા મળી હતી. મે મહિનામાં દેશમાં સામાન્ય ચૂંટણી યોજાનાર છે ત્યારે વચગાળાના બજેટમાં તમામ વર્ગને પ્રભાવિત કરવાના પ્રયાસો આજે કરવામાં આવ્યા હતા. વચગાળાના બજેટની હાઈલાઈટ્સ નીચે મુજબ છે.

- પાંચ લાખ રૂપિયા સુધીની આવક પર કરદાતાઓને હવે કોઈ ટેક્સ ચુકવવા નહીં પડે. મર્યાદા ૨.૫ લાખ રૂપિયાથી વધારીને ૫ લાખ કરાઈ
- પર્સનલ ઈન્કમટેક્સ પર સ્ટાન્ડર્ડ ડિડક્શન પગારદાર વર્ગ માટે ૪૦૦૦૦ રૂપિયાથી વધારી ૫૦૦૦૦
- ત્રણ કરોડ કરદાતાઓને સીધીરીતે ફાયદો થશે
- બેંક ડિપોઝિટ ઉપર ટીડીએસ મર્યાદા ૧૦૦૦૦ રૂપિયાથી વધારીને ૪૦૦૦૦ રૂપિયા કરાઈ
- ૨૦૧૩-૧૪માં છ લાખ રૂપિયાથી વધીને ટેક્સ વસુલાતનો આંકડો હવે ૧૨ લાખ કરોડ થયો
- રેલવે માટે બજેટ ૬૪૦૦૦ કરોડ રૂપિયા
- સંરક્ષણ બજેટ ત્રણ લાખ કરોડ કરવામાં આવ્યું. ગયા વર્ષની સરખામણીમાં ૫૦૦૦ કરોડ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો
- આર્ટીફિશિયલ ઈન્ટેલીજન્સ માટે સેન્ટર અને નેશનલ પોર્ટલની રચના કરવામાં આવશે
- ૨૦૧૭-૧૮માં ડિસઈન્વેસ્ટમેન્ટ ટાર્ગેટ જે ૮૦૦૦૦ કરોડ રૂપિયાનો છે તેને પાર કરી લેવાશે
- દર મહિને જીએસટી સરેરાશ વસુલાતનો આંકડો ૯૭૦૦૦ કરોડનો રહ્યો છે
- વર્ષ ૨૦૧૭-૧૮ માટે ફિસ્કલ ડેફિસિટનો આંકડો જીડીપીના ૩.૪ ટકા રહ્યો છે જે અગાઉના વર્ષ કરતા ૩.૩ ટકા વધારે છે
- નાના ખેડૂતો માટે એક વર્ષમાં ૬૦૦૦ રૂપિયા સીધીરીતે બેંકમાં જમા કરાશે. ખેડૂતો માટે નિર્ધારિક આવકના ભાગરુપે આ રકમ જમા થયા બાદ ૧૨ કરોડ પરિવારોને ફાયદો થશે
- ખેડૂત ઈન્કમ આવક માટે વાર્ષિક ફાળવણી ૭૫૦૦૦ કરોડ કરાઈ
- અનઓર્ગેનાઈઝ્ડ સેક્ટરના વર્કરો માટે પેન્શન સ્કીમ વધારીને ૧૫૦૦૦ કરાઈ
- પેન્શન સ્કીમથી અનઓર્ગેનાઈઝ્ડ સેક્ટરના ૧૦ કરોડ વર્કરોને ફાયદો થશે
- ખેડૂતો માટે ફાઈનાન્સિયલ પેકેજની જાહેરાત કરવામાં આવી
- સન્માનનિધિ સ્કીમ હેઠળ બેંક ખાતામાં છ હજાર રૂપિયા જમા થયા બાદ આ સ્કીમ માટે ૭૫૦૦૦ કરોડ ફાળવાયા
- ઉત્તર પૂર્વ માટે ફંડની ફાળવણીમાં ૨૧ ટકાનો વધારો કરીને આ રકમ ૫૮૧૬૬ કરોડ કરાઈ
- જીએસટીના પરિણામસ્વરુપે જીવન જરૂરી ચીજવસ્તુઓમાં રાહત મળી છે. આના કારણે લોકોને ૮૦૦૦૦ કરોડની રાહત મળી છે
- મુદ્રા સ્કીમ હેઠળ ૧૫.૫૬ લાખ લોન મંજુર કરાઈ છે. આ સ્કીમ હેઠળ ૭.૨૩ લાખ કરોડ અપાયા છે. લાભ લેનારમાં ૭૦ ટકા મહિલાઓ છે
- કલમ ૮૦આઈ હેઠળ લાભ વધુ એક વર્ષ માટે લંબાવવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૯-૨૦ના અંત સુધી મંજુર કરવામાં આવનાર તમામ હાઉસિંગ પ્રોજેક્ટોમાં આ સુવિધા રહેશે
- તમામ ભારતીયોને પીવાનું શુદ્ધ પાણી મળે તે પ્રકારે આયોજન કરાયું છે
- બ્લ્યુ ઈકોનોમિ અને સાગરમાલાને મજબૂતી અપાઈ રહી છે
- માઈક્રો ઈરિગેશન ટેકનિકનો ઉપયોગ કરીને સરકારની પ્રાથમિકતા વધારવામાં આવી રહી છે
- પગારદાર વર્ગ માટે સ્ટાન્ડર્ડ ટેક્સ ડિડક્શન વધારવામાં આવ્યો છે
- કુદરતી હોનારતોથી ગ્રસ્ત તમામ ખેડૂતોને વ્યાજમાં મુક્તિ મળશે અને સમયસર લોન ચુકવનાર ખેડૂતોને ત્રણ ટકાની રાહત મળશે
- ગ્રામિણ રસ્તાઓના નિર્માણ માટે જંગી ફાળવણી કરવામાં આવી છે
- એનડીએ શાસન હેઠળ ૧૫.૮ લાખ રોડ રસ્તાઓ વ્યવસ્થિત કરાયા છે
- ગ્રામિણ રસ્તાઓ માટે ૧૯૦૦૦ કરોડની ફાળવણી કરાઈ છે
- વન રેંક વન પેન્શન સ્કીમ હેઠળ ખેડૂતો માટે ૩૫૦૦૦ કરોડની રકમ અપાઈ છે
- સંરક્ષણ બજેટની ફાળવણી વધતા તેમની જરૂરીયાતો સંતોષવામાં આવી રહી છે
- ૧૦ ટકા અનામતના લાભ આપવા માટે સરકાર સંપૂર્ણપણે સજ્જ છે
- નીતિ આયોગ હેઠળ એક ખાસ સમિતિની રચના કરવામાં આવી છે તે ધિરાણ પર ધ્યાન આપશે
- આઠ કરોડ એલપીજી કનેક્શન ફ્રી આપવામાં આવી છે જે પૈકી છ કરોડ આપવામાં આવી ચુક્યા છે
- ઓર્ગેનાઈઝ્ડ સેક્ટરના વર્કરો માટે મેગા પેન્શન સ્કીમ શરૂ કરાઈ છે
- રાષ્ટ્રીય ગુરુકુળ મિશન માટે ફાળવણી ૭૫૦ કરોડ કરાઈ છે
- પશુ સંવર્ધન અને માછીમારો માટે પણ વ્યાજ મુક્તિની જાહેરાત કરવામાં આવી
- ગ્રેજ્યુએટી માટેની મર્યાદા ૧૦ લાખ રૂપિયાથી વધારીને ૩૦ લાખ રૂપિયા કરવામાં આવી છે
- તમામ હાઉસિંગ પ્રોજેક્ટો માટે આગામી સમયમાં વધુ રાહતો અપાશે
- આગામી પાંચ વર્ષમાં ભારત પાંચ ટ્રિલિયન ડોલરના અર્થતંત્રમાં પ્રવેશ કરશે
- પાંચ કરોડથી ઓછા વાર્ષિક ટર્નઓવરના કારોબારને ત્રિમાસિક રિટર્નની મંજુરી અપાશે
- કરવેરાની જાળ ૩.૭૯ કરોડથી વધીને ૬.૮૫ કરોડ થઈ છે
- જીએસટી હેઠળ નોંધાયેલા એમએસએમઈ યુનિટો માટે એક કરોડ સુધીની લોન પર બે ટકા વ્યાજ રાહત રહેશે
- જીએસટી હેઠળ આવાસ ખરીદનાર લોકોને લાભ કઈ રીતે મળે તેમાં ગ્રુપ ઓફ મિનિસ્ટર્સ ધ્યાન આપશે
- જીએસટી સ્વતંત્ર ભારત બાદ હજુ સુધીની સૌથી મોટી સ્કીમ રહી છે
- બે વર્ષના ગાળામાં જ તમામ વ્યવસ્થા હળવી થઈ ગઈ છે
- આઈટી રિટર્ન હવે ઈલેક્ટ્રોનિક કઈ રીતે સરળતાથી ભરવામાં આવી રહ્યા છે
- ભારતમાં ડેટા પોસ્ટ અને વોઈસ કોલ વિશ્વમાં સૌથી સસ્તા બની ગયા છે
- ફિલ્મ નિર્માતાઓ માટે ફિલ્મ નિર્માણને લઈને સિંગલ વિન્ડો ક્લિયરિન્સ સિસ્ટમ રહેશે
- તમામ જોગવાઈઓને સ્પષ્ટરીતે આવરી લેવાશે
- સિનેમાટોગ્રાફી એક્ટમાં નવી જોગવાઈ ઉમેરીને ફિલ્મ પ્રાઈવેસીને રોકવાના પ્રયાસ કરાશે
- હાઈડ્રો કાર્બન પ્રોડક્શનને વધારવા માટે તાકિદની જરૂરિયાત ઉભી કરાશે. આના કારણે આયાત ઉપર આધાર ઘટાડવામાં આવશે
- ઈલેક્ટ્રીકથી ચાલતા વાહનોને વધુ મહત્વ આપવામાં આવશે
- પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન હેઠળ ધર મહિને ૩૦૦૦ રૂપિયાની પેન્શન આપવામાં આવશે જેમાં દર મહિને ૧૦૦ની યોગદાન અપાશે. અનઓર્ગેનાઈઝ્ડ સેકટરમાં વર્કરોને આવરી લેવાશે
- ૧૨ કરોડ નાના અને મધ્યમ ખેડૂતોને સીધા લાભ મળે તે દિશામાં પણ નવી પહેલ થઈ રહી છે
- ફિસ્કલ ડેફિસિટને ૩.૫ ટકાના સ્તરે લાવવામાં આવ્યા બાદ આને હજુ ઘટાડવામાં આવસે અને આંકડાને ૨.૫ ટકા સુધી લવાશે
- ૧૦ વર્ષની આગામી યોજના માટેનું ચિત્ર પણ સરકાર તરફથી રજૂ કરાયું છે
- આયુષ્યમાન ભારત યોજના વિશ્વની સૌથી મોટી યોજના તરીકે સાબિત થઈ રહી છે
- આયુષ્યમાન હેઠળ ૧૦ લાખ મરીજોની સારવાર થઈ ચુકી છે
- જન ઔષધિ સ્ટોર મારફતે સસ્તા દરે દવાઓ આપવામાં આવી રહી છે
- દેશમાં ૨૧ એમ્સ સ્થાપિત કરવામાં આવી ચુક્યા છે જે પૈકી ૧૪ને ૨૦૧૪ બાદ મંજુરી મળી છે
- ત્રણ કરોડ કરદાતાઓને સીધીરીતે ફાયદો થશે
- ઝડપથી કામ કઈ રીતે થાય તે દિશામાં પહેલ થઈ રહી છે
- બજેટ નહીં વિકાસ યાત્રા હોવાનો દાવો કરતા ગૃહમાં ઉપસ્થિત તમામ સભ્યો રોમાંચિત થઈ ગયા
- કરદાતાઓની સંખ્યામાં નોટબંધીના પરિણામ સ્વરુપે ઘટાડો થયો છે
- મોંઘવારીના દર ઘટીને ૪.૬ ટકા થયો છે જે ૧૯૯૧ના આર્થિક સુધારા બાદ કોઈપણ સરકારની અવધિમાં સૌથી ઓછો દર છે.
- છેલ્લા પાંચ વર્ષના ગાળામાં ૨૩૯ અબજ ડોલરની રકમ એફડીઆઈ મારફતે આવી છે
- આ વર્ષે મનરેગા માટે ૬૦૦૦૦ કરોડ રૂપિયા મંજુર કરવામાં આવ્યા છે
- દેશની પ્રતિષ્ઠા વિશ્વભરમાં વધી રહી છે
- વિશ્વનું સૌથી ઝડપથી ઉભરી રહેલા અર્થતંત્રમાં ભારત આવી ગયું છે
- સમૃદ્ધિ અને વિકાસની દિશામાં ઝડપી આગેકૂચ થઈ રહી છે
- ડિફોલ્ટીંગ મેનેજમેન્ટ પણ હવે ઝડપથી ઈમાનદારીની દિશામાં છે
- કુદરતી સંશાધનોની પારદર્શક હરાજીની પ્રક્રિયા ચાલી રહી છે. કોલસા અને સ્પેક્ટ્રમના ક્ષેત્રમાં આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી ચુકી છે
- ૯૮ ટકા રુરલ સેનિટેશનની સિદ્ધિ હાંસલ કરવામાં સફળતા મળી છે
- પીએસયુ બેંકોના રિકેપિટાલાઈઝેશનમાં ૨.૬ લાખ કરોડ રૂપિયા ખર્ચ કરાયા છે
- બીઓએલ, બીઓએન અને ઓબીસીને પીસીઓ ફ્રેમવર્કમાંથી બહાર રખાયા છે
- ઓટોમેટિક રુટ મારફતે મોટાભાગની એફડીઆઈ આવી છે
- આઈબીસી પ્રક્રિયા મારફતે ૩ લાખ કરોડ રૂપિયા વસુલ કરવામાં આવ્યા છે
- મજબૂતી માટે બેંકોને મર્જ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે
- પ્રધાનમંત્રી ગ્રામસડક યોજના માટે જરૂર પડશે તો વધુ ફાળવણી થશે
- પીએમ હાઉસિંગ પ્લાન હેઠળ ૧.૫૩ લાખ મકાનોનું નિર્માણ કરાયું છે
- હરિયાણામાં ૨૨માં એમ્સ બનાવવાની દિશામાં કામ થઈ રહ્યું છે
- નાના અને મધ્યમ ખેડૂતો માટે પીએમ કિસાન ફંડની રચના કરવામાં આવશે
- પશુ સંવર્ધન સેક્ટર માટે ફાળવણી ૭૫૦ કરોડ રૂપિયા કરાઈ છે
- ખેડૂતોને પ્રથમ ઈન્સ્ટોલમેન્ટ ૨૦૦૦ રૂપિયા ટૂંકમાં જ આપવામાં આવશે
- ઈએસઆઈ કવર લિમિટ વધારીને ૨૧૦૦૦ કરવામાં આવી છે
- ઈપીએફઓના ડેટા દર્શાવે છે કે, રોજગારીની તકો વધી રહી છે
- નવી પેન્શન સ્કીમ ઉદાર કરવામાં આવી છે અને સરકારનું યોગદાન વધારીને ૧૪ ટકા કરાયું છે
- માછીમારો માટે અલગ વિભાગની રચના કરવામાં આવનાર છે
- સ્ટાર્ટઅપના સૌથી મોટા હબ તરીકે ભારત ઉભરી રહ્યું છે
- સ્ટાર્ટઅપ અને જોબની તકો ઉભી કરીને ડિજિટલ ઈન્ડિયા બનાવવાની પહેલ થઈ રહી છે
- મેગા પેન્શન સ્કીમ માટે ૫૦૦ કરોડ રૂપિયા અપાયા છે
- બ્રોડગેજ નેટવર્ક ઉપર કોઈ માનવરહિત ક્રોસિંગ રહ્યા નથી
- રેલવે માટે ફાળવણી ૬૪૫૮૭ કરોડ થઈ છે
- છેલ્લા પાંચ વર્ષમાં મોબાઈલ ડેટા વપરાશમાં રેકોર્ડ વધારો થયો છે
- પાંચ વર્ષમાં એક લાખ ડિજિટલ ગામનું નિર્માણ કરવામાં આવશે
- તમામ રિટર્નની પ્રક્રિયા ૨૪ કલાકમાં પૂર્ણ કરવામાં આવશે. રિફંડ પણ ઝડપથી મળશે
- ટેક્સ રિટર્ન અરજીમાં રહેલી ખામી પણ ટેકનોલોજી મારફતે સુધારવામાં આવી છે
- મધ્યમ વર્ગ પર ટેક્સ બોજને ઘટાડવા માટે તમામ પહેલ થઈ છે
- છેલ્લા પાંચ વર્ષમાં જનધન યોજના હેઠળ ૩૪ કરોડ ખાતા ખોલાયા છે
- રાજ્યના રેવેન્યુમાં ઉલ્લેખનીય વધારો થઈ રહ્યો છે
- જીએસટી કાઉન્સિલની બેઠકમાં આવાસ ખરીદનારાઓ ઉપર બોજ ઘટાડવા પગલા લેવાઈ રહ્યા છે
- કાળા નાણાને રોકવા માટે નોટબંધી સહિતના પગલા અસરકારક રહ્યા છે
- મોટાભાગે દરરોજ ઉપયોગમાં આવતી વસ્તુઓ જીએસટી હેઠળ ૦-૫ ટકાના ટેક્સ સ્લેબમાં લેવાઈ છે
- નોટબંધી બાદ એક કરોડ લોકો ટેક્સ રિટર્નમાં પહોંચી ગયા છે
- કાળા નાણાંને રોકવા લેવાયેલા પગલાથી ૧.૩ લાખ કરોડ રૂપિયાની બિનહિસાબી આવક પકડી પાડવામાં આવી છે
- ઓટોમોબાઈલ, મેડિસિન, મેન્યુફેક્ચરિંગ સહિતના વૈશ્વિક હબ ભારત બનવાની દિશામાં છે
- લોકોના જીવન ધોરણને સુધારવા માટે શારીરિક અને માનસિક બાબતો ઉપર ધ્યાન અપાયું છે
- કેપેક્સનો આંકડો ૩.૩૬ લાખ કરોડ સુધી પહોંચ્યો છે
- નવા રિયાલીટી પ્રોજેક્ટો પર ઈન્કમ ટેક્સ છુટછાટ જારી રહેશે
- બીજા પોતાના આવાસ ઉપર ભાડા પર કોઈ ઈન્કમટેક્સ રહેશે નહીં

આજે રેલવેનો મેગા બ્લોક, દુરન્તો સહિતની છ ટ્રેન રદ

અમદાવાદ

આજેર ફેબ્રુઆરી-શનિવારે પશ્ચિમ રેલવેના લોઅર પરેલ સ્ટેશન પર ૧૧ કલાકના મેગા જમ્બો બ્લોકના કારણે સૌરાષ્ટ્ર અને અમદાવાદને મુંબઈ સાથે જોડતી અનેક ટ્રેનને અસર પહોંચશે.

પરેલ સ્ટેશન પર ૨ ફેબ્રુઆરીએ રાતના ૧૦ કલાકથી બીજા દિવસે સવારના ૯ કલાક સુધી ૧૧ કલાકનો જમ્બો બ્લોક સ્ટેશનની કામગીરી માટે લેવાયો છે, જેના કારણે આજે રાજકોટથી ઉપડતી અને આવતી બંને રાજકોટ-મુંબઈ સેન્ટ્રલ દુરંતો રદ કરવામાં આવી છે. અમદાવાદથી મુંબઈ આવતી અને જતી તમામ ટ્રેન આજે બેથી ત્રણ કલાક મોડી થશે.

મેગા બ્લોકના કારણે ઈન્દોર-મુંબઈ દુરંતો, મુંબઈ-વલસાડ પેસેન્જર, ગુજરાત ક્વીન સહિતની ટ્રેન પણ રદ કરવામાં આવતાં યાત્રીઓને મુશ્કેલીનો સામનો કરવો પડશે, સાથે આજે ઓખાથી ઉપડતી ટ્રેન નં. ૨૨૯૪૬ ઓખા-મુંબઈ સેન્ટ્રલ સૌરાષ્ટ્ર મેલને બોરિવલી સ્ટેશન પર રોકી દેવાશે. આથી આ ટ્રેન બોરિવલી-મુંબઈ સેન્ટ્રલ વચ્ચે રદ રહેશે. ઉપરાંત ૩ ફેબ્રુઆરીએ મુંબઈ સેન્ટ્રલથી ઉપડતી ટ્રેન નં. ૧૯૦૧૫ મુંબઈ સેન્ટ્રલ-પોરબંદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ મુંબઈ સેન્ટ્રલથી તેના નિર્ધારિત સમય કરતાં મોડી ઉપડશે.

ઉત્તર-પશ્ચિમ રેલવેના અજમેર ડિવિઝનમાં પાલનપુર-આબુરોડનાં માવલ-જેટી સ્ટેશન વચ્ચે ડબલિંગ કામગીરી ચાલી રહી હોવાના કારણે રાજકોટ ડિવિઝનની બે ટ્રેનના રૂટ ડાઈવર્ટ કરાયા છે, જેમાં ૧ ફેબ્રુઆરીની ઓખાથી ઉપડતી ટ્રેન નં. ૧૯૫૬૫ ઓખા-દહેરાદૂન ઉત્તરાંચલ એક્સપ્રેસ મહેસાણા, પાલનપુર, આબુ રોડ, અજમેર, જયપુર, દિલ્હી સરાઈ રોહિલ્લાના બદલે વાયા અમદાવાદ, વડોદરા, રતલામ, ભરતપુર થઈને ગઈ, જ્યારે ૧ ફેબ્રુઆરીએ ટ્રેન નં. ૧૯૫૮૦ દિલ્હી સરાઈ રોહિલ્લા-રાજકોટ એક્સપ્રેસ વાયા અજમેર, ગોધરા, આણંદ, અમદાવાદ થઈને ગઈ હતી.

બેંગાલ સપોર્ટિંગ યંગ આર્ટસ ક્લબ દ્વારા ગીત સ્પર્ધાના વિજેતાઓ જાહેર

સુરત

બેંગાલ સ્પોર્ટિંગ યંગ આર્ટસ ક્લબ સુરત દ્વારા પંચમગ્રુપ : ડોલ્ફીન ક્લબ સુરત સુરતી મોઢવણિક યુવક મંડળ અડાજણ રાંદેર રોડ સુરતના સૌજન્યથી સુરતમાં યોજાયેલ સ્વીટસીંગર્સ ગીતોની પમી સ્પર્ધા ૨૦૧૯ના વિજેતાઓ ફૂરકાન મીસરી, સોહનકુમાર વઘઈ, પૂજા મિસ્ત્રી, રીયાઝઉદ્દીન શેખ, ઉસ્માન પાનવાલા, મેહુલ પટેલ વાંસદા, તેજલ પટેલ, બશીર પટેલ, હનીફ શેખ, પ્રિયાંસી ટંડેલ, નિર્ણાયકો હતા. રીદ્ધેશ્વર શ્રીકુમાર અને નીતાબેન બજરંગ. મો. અઝીઝના ગીતોની સ્પર્ધાના વિજેતાઓ શબ્બીર પટેલ, પિયુષ મીસ્ત્રી, શાનુખાન, બશીર પટેલ, શબ્બીર તૈયબ, સાજીદ મલેક, નિર્ણાયક હતા. શૌકતઅલી બંને ગીત સ્પર્ધાઓમાં ૪૭ ગાયક ગાયિકાઓએ ભાગ લીધો હતો. એનાઉન્સર્સ અને આયોજકો હતા મોહિન મલિક, હરીશ શાહ પ્રમુખ, પરેશ ભાટીયા અને અનિલ દલાલ.

પંચાયતના પ્રતિનિધિઓ માટેનો આરોગ્યલક્ષી વર્કશોપ યોજાયો

પ્રજાની સેવાનો મળેલા અવસરની તકનો લાભ ઉઠાવો : બીબીબેન ચૌધરી

આહવા

ડાંગ જિલ્લામાં સંવેદનશીલ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વાર છેવાડાના પ્રજાજનોના આરોગ્ય જતન માટે અનેકવિધ કાર્યક્રમો, યોજનાઓનું સૂપેરે અમલીકરણ થઈ રહ્યું છે, ત્યારે જિલ્લાના સામાજિક કાર્યકરોએ પણ તેમાં સહયોગ આપીને, પ્રજાજનોની સેવા કરવાની મળેલી તકનો લાભ ઉઠાવવો જોઈએ તેમ શ્રીમતી બીબીબેન ચૌધરીએ જણાવ્યું હતું.

આહવાના ડાઙ્ગ.આંબેડકર ભવન ખાતે આયોજિત એક કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી બોલતા શ્રીમતી ચૌધરીએ જિલ્લા તથા તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતોના ચૂંટાયેલા સભ્યોને, આરોગ્યલક્ષી કાર્યક્રમોમાં ઉત્સાહભેર ભાગ લેવા પણ અપીલ કરી હતી. ડાંગ જિલ્લા પંચાયતના માજી પ્રમુખ-વ-આદિજાતિ વિકાસ નિગમના ડીરેક્ટર શ્રી બાબુરાવ ચૌર્યાએ, જિલ્લા વહિવટી તંત્ર અને રાજ્ય સરકારના પ્રજા કલ્યાણલક્ષી પ્રયાસોમાં જનપ્રતિનિધિઓને પણ અસરકારક ભૂમિકા અદા કરવાનું આહ્વાન કર્યું હતું. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી ચૌર્યાએ છેવાડાના માણસોની સેવા કરવાની મળેલી તકને ઝડપી લેવાની પણ આ વેળા અપીલ કરી હતી.

સૌના સહિયારા પ્રયાસોથી આરોગ્ય ક્ષેત્રે વધુ સારી કામગીરીની હિમાયત કરતા ડાંગના જિલ્લા વિકાસ અધિકારી શ્રી એચ.કે.વઢવાણિયાએ ખાસ કરીને સ્ત્રીઓ, યુવતિઓને શિક્ષણ અને સલામતી આપવાના પ્રયાસોની અપેક્ષા વ્યક્ત કરી હતી. દિકરા-દિકરીનો ભેદ ભૂલીને સ્ત્રી જન્મદર સુધારવા માટે બેટી બચાવો-બેટી પઢાવોની ભાવનાને સંવેદનશીલતા સાથે આગળ વધારવાનો અનુરોધ કરતા શ્રી વઢવાણિયાએ, સ્ત્રી શિક્ષણ ઉપર વિશેષ ભાર મુક્યો હતો.

બેંકમાં સ્લીપ ભરી આપવાનું જણાવી રૂા. ૩૦ હજાર સેરવી લેવાયા

ત્રણ ગઠિયાઓ બેંકમાં મજૂરના રોકડા રૂપિયા તફડાવી ગયા

સુરત

અલથાણ ચાર રસ્તા પાસે આવેલી બેન્ક ઓફ બરોડા પાસેથી પસાર થતા એક રાહદારીનું મજૂરને બેન્કમાં સ્લીપ ભરી આપવાનું જણાવી નજર ચૂકવી રૂા. ૩૦ હજાર રોકડાની ચોરી કરી અજાણ્યા ત્રણ ઈસમો ફરાર થઈ ગયા હોવાનો બનાવ ખટોદરા પોલીસ મથકે નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ દાહોદ જિલ્લાના વતની અને હાલમાં ભીમરાડ ચેકપોસ્ટ પાસે રહેતા દિનેશભાઈ પલાસ ગત રોજ બેન્ક ઓફ બરોડાની બ્રાંચમાં નાણા ભરવા જતો હતો તે દરમિયાન અજાણ્યા ત્રણ ઈસમોએ તેને બેન્કમા્સ્લીપ ભરી અને નાણા ગણી આપવાનું જણાવી નજર ચૂકવી રૂા. ૩૦ હજારની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. છૂટક મજૂરી કરતા દિનેશ પલાસે ખટોદરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

૪૦,૦૦૦ સુધીની લોન પર વ્યાજ નહીં
ઉજ્જવલા યોજના હેઠળ ૮ કરોડ ગેસ જોડાણ અપાશે : ગર્ભવતી મહિલાઓ માટે પ્રધાનમંત્રી માતૃવંદના યોજના

ન્યુ દિલ્હી

કેન્દ્ર સરકારે પોતાના કાર્યકાળના અંતિમ બજેટમાં ઉજ્જવલા યોજના અંતર્ગત ૮ કરોડ ગેસ કનેક્શન આપવાની જાહેરાત કરી છે. સાથે જ સરકારે ગર્ભવતી મહિલાઓ માટે PM માતૃ યોજનાની પણ જાહેરાત કરી છે. તેમજ સરકારે શ્રમિકના મૃત્યુ પર ૨.૫ લાખ રૂપિયાને બદલે હવે ૬ લાખ રૂપિયા વળતર આપવાની જાહેરાત કરી છે. પીયુષ ગોયલે દાવો કર્યો છે કે, મુદ્રા યોજના અંતર્ગત ૭૦ ટકા મહિલાઓને લોન મળશે. આ ઉપરાંત મેટરનિટી લીવ વધારીને અને પ્રેગ્નેટ મહિલાઓને આર્થિક મદદની યોજનાથી મહિલાઓને ફાયદો થયો છે. ટેક્સ સ્લેબમાં ફેરફારની સાથે સાથે મહિલાઓ માટે રૂ. ૪૦ હજાર સુધીની લોન ઉપર વ્યાજ માફી આપવામાં આવી છે. કાર્યવાહક નાણા મંત્રી પીયૂષ ગોયલે આંશિક બજેટ રજૂ કરતા કહ્યુ હતુ કે, દેશમાં દરેક પરિવારને સારા રાંધણ ગેસની સુવિધા મળશે. તેમણે સરકારની ઉજ્જવલા યોજનાના વખાણ કરતા કહ્યુ હતુ કે, આ યોજના સફળ રહી. જણાવી દઈએ કે, ચૂંટણીનું વર્ષ હોવાને કારણે દરેક વર્ગના લોકોને ખાસ કરીને મહિલાઓને કેન્દ્ર સરકારના આ બજેટથી ખૂબ જ આશાઓ હતી. ગત વર્ષે જ્યાં સરકારે બજેટમાં મહિલાઓનું ખાસ ધ્યાન રાખ્યુ હતુ, ત્યાં આ અંતરિમ બજેટમાં મહિલાઓને ખાસ જગ્યા નથી મળી. દેશની અડધી આબાદી માટે આંશિક બજેટ ખૂબ જ મહત્ત્વનું માનવામાં આવી રહ્યુ હતુ.

વિકાસકામોને વેગ આપવા જણાવતા આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી રમણલાલ પાટકર



કલેક્ટર કચેરી ખાતે બેઠક મળી

વલસાડ

વલસાડ જિલ્લામાં વિકાસના કામોમાં ઝડપ આવે તે માટે કામોની સમીક્ષા કરવા વન અને આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી રમણલાલ પાટકરે કલેક્ટર ખાતે અમલીકરણ અધિકારીઓ સાથે બેઠક યોજી ધારાસભ્યો, સંસદસભ્યોની ગ્રાન્ટના બાકી રહેલા કામોની વહીવટી પ્રક્રિયા પૂરી કરી ઝડપથી કામો પૂર્ણ થાય તે માટેનું સુચારુ આયોજન કરવા જણાવ્યું હતું.

ઉમરગામ તાલુકામાં બે મચ્છી માર્કેટના ખાતમુહૂર્ત, ખારલેન્ડની પડતર જમીનમાં સ્વરોજગારી માટે જમીન ફાળવવા, દરિયાઈ ધોવાણ અંગે કામગીરી કરવા, ઝીંગા અને મીઠા ઉદ્યોગના લાયસન્સ રીન્યુ કરવા, પંચાયત અને સ્ટેટના માર્ગ અને મકાન વિભાગના રસ્તાઓની કામગીરી મજબૂતાઈ અને ગુણવત્તાયુકત બને તે માટે સતત દેખરેખ રાખવા સહિત અન્ય વિભાગોના સંકલનમાં રહીને કામગીરી કરવા, જિલ્લામાં પાણી પુરવઠાના કામો અને આગામી સમયમાં ચાલુ થનારા જળસંચયના કામોની પણ સમીક્ષા કરી હતી. આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર કમલેશ બોર્ડર સહિત અમલીકરણ અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

તા. ૩જી ફેબ્રુઆરીએ ધરમપુર-ધોબીધોવાણ ખાતે મા-ભગવતી જગદંબાની ૧૭ મા પાટોત્સવ ઉજવણી કરાશે

ભગવતાચાર્ય પ.પૂ.જી. શરદભાઈ વ્યાસ પ્રેરિત ધરમપુર, અંબાજીધામ, ધોબીધવાણ ખાતે તા.૦૩/૦૨/૨૦૧૯ ના રવિવારના રોજ જગત જનની મા-ભગવતી જગદંબાની ૧૭ મો પાટોત્સવ (પ્રતિષ્ઠા મહોત્સવ) દિવસની ભવ્ય ઉજવણી કાર્યક્રમ યોજાનાર છે. તેમજ નવચંડી યજ્ઞના આચાર્ય અનિલભાઇ શાસ્ત્રી દ્વારા નવચંડી ૯ કુંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૩ જીએ શોભાયાત્રા બપોરે ૧-૦૦ કલાકે અંબાજીધામ ધોબીધોવાણથી નીકળી ચાર રસ્તા, હાથીખાના, પ્રભુફળિયા તથા ધરમપુર બજાર ટાવર પાસેથી થઇ અંબાજીધામ ધોબીધોવાણ ખાતે પહોંચશે. નવચંડી ૯ કુંડી યજ્ઞ સવારે ૯-૦૦ કલાકે, પૂર્ણાહૂતિ સાંજે ૫-૩૦ કલાકે, મહાપ્રસાદ ૬-૦૦ કલાકે, મહાઆરતી ૭-૦૦ કલાકે અને ગરબા રાત્રે-૧૦-૦૦ કલાકે યોજાશે. આ અવસરનો તમામ ભાવિક ભકતોને લાભ લેવા ગામ અગ્રણી તથા મંદિરના પૂજારી ગુલાબભાઈ માહલા દ્વારા જણાવાયું છે.

નવી પેન્શન સ્કીમમાં સરકારના યોગદાનને ૪ ટકાથી વધારીને ૧૪ ટકા કરવામાં આવ્યું

ગ્રેજ્યુએટીની ચૂકવણી ૧૦ લાખથી વધારી ૩૦ લાખ રૂપિયા કરાઈ

પ્રધાનમંત્રી શ્રમ યોગી માનધન યોજનાનો લાભ મળશે,ગ્રેજ્યુઈટીમાં કંટ્રિબ્યુશનની મર્યાદા ૧૫૦૦૦ રૂપિયાથી વધારીને ૨૧૦૦૦ રૂપિયા કરી દેવાઈ જો કોઈ શ્રમિકનું મૃત્યુ થાય તો EPFOમાંથી મળનાર સહાયતા રકમ ૨ લાખ રૂપિયાથી વધારી ૬ લાખ રૂપિયા કરી દેવાઈ છે

ન્યુ દિલ્હી

મધ્યમ વર્ગના પગારદારોને આકર્ષવા માટે મોદી સરકારે પોતાના અંતિમ બજેટમાં મોટી જાહેરાત કરી દીધી છે. કાર્યવાહક નાણાંમંત્રી પિયૂષ ગોયલે નોકરિયાત વર્ગ માટે ગ્રેજ્યુટી પેમેન્ટ પર મોટા લાભની જાહેરાત કરી તો અસંગઠિત ક્ષેત્રના શ્રમિકોની આર્થિક સુરક્ષા વધારવા માટે ખાસ જાહેરાતો કરી. સાથોસાથ તેમણે કહ્યું હવે એમ્પલોયીઝની નેશનલ નેશનલ પેન્શન સિસ્ટમ (એનપીએસ)માં સરકાર પોતાના તરફથી ૧૪ ટકા યોગદાન કરશે. આવો જોઈએ આ સંબંધમાં સરકારની મોટી જાહેરાતોપ.

- ગ્રેજ્યુઈટી પેમેન્ટની મર્યાદા ૧૦ લાખ રૂપિયાથી વધારી ૩૦ લાખ રૂપિયા કરી દેવાઈ છે.
- ગ્રેજ્યુઈટીમાં કંટ્રિબ્યુશનની મર્યાદા ૧૫૦૦૦ રૂપિયાથી વધારીને ૨૧૦૦૦ રૂપિયા કરી દેવાઈ
- સર્વિસ દરમ્યાન જો કોઈ શ્રમિકનું મૃત્યુ થાય તો EPFOમાંથી મળનાર સહાયતા રકમ ૨ લાખ રૂપિયાથી વધારી ૬ લાખ રૂપિયા કરી દેવાઈ છે
- હવે ૨૫ હજારની કમાણી કરનારને ESIમાં કવર મળશે
- હવે કર્મચારીઓના એનપીએસમાં સરકાર પોતાની તરફથી ૧૪ ટકાનું યોગદાન કરશે
- સ્થાનિક કામદારો માટે પેન્શન યોજના
- ન્યૂ પેન્શન સ્કીમમાં સરકારની ભાગીદારી વધારી
- પ્રધાનમંત્રી શ્રમ યોગી માનધન યોજનાનો લાભ મળશે
- આ વર્ષથી આ સ્કીમ લોન્ચ કરાઈ છે. અત્યારે આ યોજના માટે ૫૦૦ કરોડ રૂપિયા આપ્યા છે. આગળ જરૂર પડવા પર વધુ ફંડ ફાળવાશે
- આ યોજના અંતર્ગત ૧૫૦૦૦ રૂપિયા દર મહિના સુધી કમાનાર અંદાજે ૧૦ કરોડ શ્રમિકોને લાભ મળશે







બાળકીની છેડતીના ગુનામાં પોલીસે પકડેલા આરોપીને કોર્ટના જામીન

ઘટનાના ઘણાં દિવસો બાદ નોંધાયેલી ફરિયાદ અંગે કોર્ટે જામીન અરજી મંજૂર કરી

સુરત

શહેરના ભટાર રોડ વિસ્તારમાં રહેતાં પરિવારના બાળકોની માવજત લેનાર પરપ્રાંતિય યુવકે પડોશની છ વર્ષિય બાળકી સાથે બિભત્સ ચેનચાળા કરવાની બનેલી ઘટનાની મોડી નોંધાવવામાં આવેલી ફરિયાદમાં પોલીસે ઝડપેલા આરોપીને નામદાર કોર્ટે રુા.દસ હજારના શરતી જામીન ઉપર મુક્ત કર્યો હતો.

કેસની પ્રાપ્ત હકીકત મુજબ શહેરના ભટાર રોડ ઉપરની સદગુરુ સર્વિસ સ્ટેશનની બાજુમાં રહેતા કિસુન દોમીનાથ તાતી ભટાર રોડ વિસ્તારના જ એક પરિવારના બાળકોની સાર સંભાળ લેવાનું તથા ઘર સાચવવાનું કામ કરતો હતો.તે પાછલા બે વર્ષથી અહીં કામ કરી બિહાર રહેતા પોતાના પરિવારને નાણાં મોકલતો હતો.ગત તા.૬ઠ્ઠી જાન્યુઆરીના રોજ બપોરના સુમારે કિસુન જ્યાં કામ કરતો હતો.ત્યાં પડોશમાં રહેતા પરિવારની છ વર્ષીય બાળકી પણ જઈ પહોંચી હતી.જ્યાં ૨૨ વર્ષિય આ યુવકે છ વર્ષની પડોશીમાં રહેતી બાળકીના શરીરે બિભત્સ ચેનચાળા કર્યા હતા.જેની જાણ બાળકીએ પોતાની માતાને કરી હતી.જેથી માતાએ આ અંગે પ્રથમ યુવક જ્યાં કામ કરતો હતો.તે ઘરની મહિલા સાથે આ બાબતે ચર્ચા કરી હતી.બાદમાં તેમણે ગત તા.૧૪મી જાન્યુઆરીના રોજ આ યુવક સામે પોલીસ ફરિયાદ કરવાનો નિર્ણય લઈ,ખટોદરા પોલીસ મથકમાં આ સંદર્ભે ફરિયાદ કરી હતી.જેથી પોલીસે આરોપીની જે તે દિવસે જ ધરપકડ કરી લીધી હતી.બાદમાં તેને નામદાર કોર્ટમાં રજૂ કરાતાં સબજેલ મોકલી આપવામાં આવ્યો હતો.આ આરોપીને જામીન મુક્ત કરવા માટે એડવોકેટ ભારતીબેન મુખરજીએ નામદાર કોર્ટમાં અરજગુજારી હતી.જેમણે નામાદર કોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે ઘટનાના ઘણા દિવસો બાદ ભોગ બનનારની માતાએ પોલીસ ફરિયાદ કરી છે,જે બાબત શંકા પ્રેરિત છે.ઉપરાંત ટ્રાયલ ચાલવામાં ઘણો સમય નિકળી જાય તેમ હોય બંધારણના અનુચ્છેદ ૨૧ મુજબ પણ આરોપીને જામીન મુક્તિનો લાભ મળવા પાત્ર છે.નામદાર સેશન્સ કોર્ટે આ દલીલોને ગ્રાહ્ય રાખી આરોપીને રુા.૧૦ હજારના શરતી જામીન મુક્ત કરતો હુકમ કર્યો હતો.

૬ હજારની ઉચાપતમાં મહિલા પીઆઈની ધરપકડ

ભાવનગર

ભરતનગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા મહિલા પોલીસ ઈન્સ્પેક્ટર જે.એમ.ચાવડા સામે ઉચાપતનો ગુનો દાખલ કરવાનો ભાવનગર ડીએસપીએ ગુરૂવારના રોજ આદેશ આપ્યો હતો. ત્યારે બાદ શુક્રવારે સવારે મહિલા ઈન્સપેક્ટરની ધરપકડ કરવામાં આવી છે. મહિલા પોલીસ ઈન્સપેક્ટર સામે ૬ હજાર રૂપિયાની ઉચાપતની ફરિયાદ નોંધાઈ છે. ભાવનગર પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સપેક્ટર જે.એમ.ચાવડા ટ્રાફિકના નિયમોને ભંગ કરનારને મેમો આપી દંડ વસુલ કરતાં હતા. તે મેમોમાં પાછળથી સુધારો કરી દંડની રકમ ઘડાટી તેઓ સરકારી તીજોરીમાં જમા કરાવતા હોવાની જાણકારી ડીએસપી પ્રવિણ માલને મળી હતી. જેથી સમગ્ર મામલાની તપાસ ડેપ્યુટી એસપી મનિષ ઠાકરને સોપવામાં આવી હતી. જેમાં તથ્ય સામે આવતા ૬ હજાર ૪૦૦ની ઉચાપતની ફરિયાદ નોંધાઈ હતી. જેથી શુક્રવારે મહિલા પી.આઈ.ચાવડાની ધરપકડ કરવામાં આવી હતી. મહિલા પી.આઈ. ચાવડાએ દાવો કર્યો છે કે, જો તેમને ઉચાપત કરવી જ હોય તો લાખો રૂપિયાની થઈ શકે છે. કોઈ પોલીસ ઈન્સપેક્ટર કક્ષાનો અધિકારી ૬ હજાર જેવી મામુલી રકમની ઉચાપત શા માટે કરે, તેમની સામે નોંધાયેલી ફરિયાદનું કારણ તેઓ એસપીને હમો આપતા નથી.

વર્ષ ૨૦૧૮માં સૌથી વધુ વેચાણ થયેલો પ્રીમિયમ સ્માર્ટફોન

સુરત

કાઉન્ટરપોઈન્ટ માર્કેટ મોનિટર સર્વિસ અનુસાર, ૨૦૧૮માં વનપ્લસએ સૌથી વધુ વેચાતા પ્રિમિયમ સ્માર્ટફોન બ્રાન્ડ તરીકે ઉભરી આવ્યું છે. કાઉન્ટરપોઈન્ટના તાજેતરમાં જાહેર થયેલા ૨૦૧૮ના ત્રીજા ત્રિમાસિક ગાળા માટેના જાહેર થયેલા અહેવાલ અનુસાર, ઝેનઝેન-સ્થિત કંપનીએ પ્રિમિયમ સ્માર્ટફોન માર્કેટમાં ૩૬ ટકા બજાર હિસ્સાની સ્થિતની સાથે સતત ત્રણ ત્રિમાસિક ગાળા સુધી પ્રથમ નંબર જાળવી રાખ્યો છે. એક જ ત્રિમાસિકગાળામાં ભારતમાં પ્રિમિયમ સ્માર્ટફોન હિસ્સામાં એપલ અને સેમસંગનો ફાળો અનુક્રમે ૩૦ ટકા અને ૨૬ ટકા જેટલો રહ્યો હતો. ૨૦૧૮માં પ્રિમિયમ વિભાગમાં વનપ્લસ ૬એ સૌથી વધુ વેચાણ પામતો મોડેલ હતો. ત્યારબાદ વનપ્લસ ૬ટીનો નંબર આવે છે. વનપ્લસએ પ્રિમિયમ સ્માર્ટફોન બ્રાન્ડમાં સૌથી વધુ ઝડપથી વિકાસ પામતી બ્રાન્ડ છે, જેનો વાર્ષિક ધોરણે વિકાસ ૮૫ ટકા નોંધાયો છે. ચોથા ત્રિમાસિકગાળામાં વનપ્લસ ૬ટીએ બ્રાન્ડને અન્ય નજીકના હરિફોથી બજાર હિસ્સા વચ્ચેની ગેપને વધુ વિસ્તારીત કરી છે, જે લગભગ ૧૦ ટકા જેટલો છે.

બિલીમોરાના તાંત્રિક બાબા કેસમાં

અશ્લીલ વીડિયો વાયરલ કરનાર ભીમરાડ આરોપીના આગોતરા નામંજૂર

આરોપીની આગોતરા જામીન અરજી અદાલતે ફગાવી

સુરત

બીલીમોરાના તાંત્રિક શૈલેષ નાયકા બળાત્કાર પ્રકરણમાં અશ્લીલ વીડિયો વાયરલ કરનારા સુરત-ભીમરાડના આરોપીના બબ્બે વારના આગોતરા જામીન અદાલત દ્વારા ફગાવી દેવાયો હોવાની વિગત આ ગુનાની તપાસ કરનાર ઓપીઆઈ રાઠોડે આપી હતી. જોકે પોલીસે તેની ધરપકડ કરવા તેના ભીમરાડના નિવાસ સ્થાને વારંવાર દરોડા પાડયા હોવાનું પણ જાણવા મળ્યું હતું.

આ કેસની વિગતો એવી છે કે, બીલીમોરા ઓલીયા-મોરીયા વિસ્તારમાં રહેતા અને તાંત્રિક વિધિ કરવાના બહાને યુવતીઓને બોલાવી તેને સાપુતારા લઈ જઈ વૈશાલી ગેસ્ટ હાઉસમાં બળાત્કાર ગુજારવાના એક કિસ્સામાં ચીખલી ખાતે રહેતી અને બ્યુટીપાર્લરનું કામ કરતી ૨૧ વર્ષની પીડિતાએ બીલીમોરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તાંત્રિક શૈલેષ નાયકાની ધરપકડક રી જેલમાં મોકલી આપ્યો હતો. પોલીસે બીલીમોરા તાંત્રિકનો અશ્લીલ વીડિયો વાયરલ કરવાના ગુનામાં ભીમરાડ ડુંગરી ફળિયાના રહેવાસી આકાશ જયેશભાઈ પટેલની ધરપકડ કરવાના ચક્રોગતિમાન કર્યા છે. આરોપી આકાશ પટેલે પોતાની ધરપકડ થશે એવી દહેશત સાથે સેશન્સ કોર્ટમાં કરેલી બબ્બેવારની આગોતરા જામીન અરજીની સુનાવણીના અંતે અદાલતે ફગાવી દીધી હતી. હાલમાંતે પોલીસથી ભાગતો ફરતો છે.

ક્લાર્કે પૂરપાટ ઝડપે ટ્રેન દોડાવતા મુસાફરના જીવ તાળવે ચોંટ્યા

સુરત

સુરતના રેલ્વેના બુકિંગ ક્લાર્કે મુસાફરો સાથે જીવન-મરણની એક રમત રમી હતી. અનુભવ વગર બુકિંગ ક્લાર્કે ૬૦ કિલોમીટરની સ્પીડે ૧૦ મિનીટ સુધી પેસેન્જર ટ્રેન હંકારી હતી. હાલ તેનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. આ ઘટનાનો વીડિયો સામે આવતા તંત્ર સજ્જ થઈ ગયું છે.

આ ઘટનામાં મળતી માહિતી પ્રમાણે, એવું કહેવાય છે કે, રેલવે ગાડીને પાયલોટ સિવાય અન્ય કોઈ વ્યક્તિ ચલાવી ન શકે, પરંતુ સુરતના બુકિંગ ક્લાકે તો હદ કરી નાંખી. લોકો પાયલોટ સિવાય અન્ય વ્યક્તિ ટ્રેન ચલાવતો હોવાનો વીડિયો સામે આવતા તેની ઓળખ કરવામાં આવી હતી. જેમાં ટ્રેન ચલાવનાર અઠવાલાઈન્સ પીઆરએસનો બુકિંગ ક્લાર્ક રવિન્દ્ર મોરે નીકળ્યો હતો.

બુકિંગ ક્લાર્ક રવિન્દ્ર મોરેએ ૬૦ની ઝડપે ૧૦ મિનિટ સુધી ટ્રેન ચલાવી લોકોનો જીવ જોખમમાં મૂક્યા હતા. રેલવે તંત્રએ આ ઘટનાને ગંભીરતાને લઈને તપાસના દોર શરૂ કર્યા છે. હાલ લોકોના મનમાં એક જ સવાલ ઉદ્દભવે છે કે રેલવે તંત્રએ સર્ટિફાઈડ કરેલા ડ્રાઈવર સિવાય ટ્રેન ચલાવી ન શકે તો કંઈ રીતે રવિન્દ્ર મોરેએ ટ્રેન ચલાવી, આ સિવાય કોણે આ ટ્રેન ચલાવવા આપી? આવા અનેક સવાલોને કારણે રેલવે તંત્રએ તપાસનો આદેશ આપ્યો છે. હાલ રેલવે તંત્ર વીડિયોની ચકાસણી કરીને હકીકતમાં રવિન્દ્ર મોરેએ ટ્રેન ચલાવી છે કે નહીં તે જાણવાની કોશિશ કરી રહ્યું છે.

सूरत शहर के लोहे के सबसे पुराने,
ESSAR 24 CARAT STEEL
प्रतिष्ठित व्यापारी BALBIR
लोहे के गडर, चेनल, ऐंगल, प्लेट, एच.आर.-सी.आर.-गेल्वेनाइज शीट, पट्टी, पाटा, बांधकाम के T.M.T. बार, ब्राइट बार, पाईप एवं लोहे की प्रत्येक आइटम के 45 वर्ष से विश्वसनीय व्यापारी
सेल SAIL
शाह एन्ड कंपनी
JINDAL
रोड नं.15, उधोगनगर, उधना, सूरत.
Ph.: 2277137/2279627 M. 9374718583. शैलेष बाफना

जय अंबे यात्रा संघ आयोजित
काशी साथे नेपाळ રૂા.૧૪,૫૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૩-૦૨-૨૦૧૯ થી ૧૭-૦૨-૨૦૧૯)
કાશી, અલાહાબાદ, છપૈયા, અયોધ્યા, લુમ્બિની, પોખરા, મનોકામના, ગંડકી, પશુપતિનાથ, કાઠમંડુ
રામેશ્વરમ રૂા.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૫-૦૨-૨૦૧૯ થી ૧૮-૦૨-૨૦૧૯)
કન્યાકુમારી, મદુરાઈ, શ્રીરંગમ, પદ્મનાભ, ત્રિવેન્દ્રમ, કોડાઈ-કેનાલ, વેલ્લુર, તિરૂપતિ બાલાજી, કોલમબીચ
જગન્નાથપુરી રૂા.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૨
(તા.૨૦-૦૨-૨૦૧૯ થી ૦૫-૦૩-૨૦૧૯)
જગન્નાથપુરી, કલકત્તા, ભુવનેશ્વર, ગંગાસાગર
સવારે ચા-નાસ્તો, બે ટાઈમ જમવાની વ્યવસ્થા
આવવા-જવા માટેની વ્યવસ્થા પ્લેન તથા ટ્રેઈનમાં રાખવામાં આવી છે.
સાઈટસીન ફરવા માટે 2x2 એ.સી. બસ રહેશે
જુજ સંખ્યામાં જવાનું હોય ત્હેલા તે પહેલાંના ધોરણે નોંધાવવા વિનંતી
દરેક જગ્યાએ બે વ્યક્તિ માટે રૂમ આપવામાં આવશે.
સંપર્કઃ જડેશ્વર ચોકડી, ગજાનન કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૩, ભરૂચ
M. 78749 60427 - 78749 60465

TEXMO Aqua Group TEXMO AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝ્ડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

મઢીવાલા
લિનીમેન્ટ અને પેનબામ
સાંધા, કમ્મર, ગરદન, નશનાં દુખાવા માટે અસરકારક
022-24147642
022-24147643
ઉત્પાદકઃ
રેમેડીઝ ફાર્માસ્યુટિકલ્સ
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

merino ફ્લેટ - બંગલા - ઓફિસના ફર્નીચર માટે ઉત્તમ ક્વોલીટીનું પ્લાયવુડ
- મેરીનો લેમીનેટ સીટસ્
- 100% ગરજન (Gurjan) B.W.P. વોટરપ્રુફ પ્લાયવુડ
- સેમી વોટરપ્રુફ (ગરજન) પ્લાયવુડ
- ફુલ પેનલ કોર કોમર્શીયલ M.R. પ્લાયવુડ
- બાંધકામ માટે શટરીંગ પ્લાયવુડ
- Ex-cel પી.વી.સી. સીટ
- ડેકોરેટીવ વિનીયર - લેમીનેટ - M.D.F. સિમેન્ટ સીટ, ફેવીકોલ બ્લ્યુકોટ

ઓર્થો. ડિસ્ટ્રીબ્યુટર
જથ્થાબંધ ભાવે મળશે.
ઘાએલ પ્લાયવુડ રમેશભાઈ
૩-૪, પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલ બિલ્ડીંગ, બુંદેલાવાડ, કોટ સફીલ રોડ, ભાગળ, સુરત-૩.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .

GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ અને લંબચોરસ પાઈપો
IBR પાઈપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : ૨૩૬૮૬૧૧,૨૩૪૪૯૧૧ ● E-mail : info@mugatlalbsons.com

ઝઘડિયામાં કંપની સંચાલકો દ્વારા ચોરી છુપે હજારો લીટર પ્રદુષિત પાણી છોડતા ખેતી તથા જાહેરમાં ચરતાં ઢોરના જીવ સામે ખતરો



ઝગડીયા જીઆઈડીસીમાં આવેલ પ્રહરીત પિગમેન્ટ્સ કંપની દ્વારા તેમની કંપનીની હદમાં ગૈરકાયદેસર રીતે સંગ્રહ કરેલ પ્રદુષિત હજારો લીટર પાણી જાહેરમાં છોડવામાં આવતા કંપનીને આજુબાજુમાં આવેલ ખેતીને તથા પશુપાલકોના જાહેરમાં ચરતાં ઢોરોના જીવ સામે ખતરો ઉભો થયો છે.

ઝગડીયા જીઆઈડીસીના પ્લોટ નં. ૩૮/૧૧ માં આવેલ પ્રહરીત પિગમેન્ટ્સ કંપની કેમિકલનું ઉત્પાદન કરે છે, કંપની દ્વારા ઉત્પાદન દરમિયાન ઉત્પન્ન થયેલ કેમિકલ વાળું અત્યંત પ્રદુષિત પાણી કંપનીની હદમાં ગેરકાયદેસર રીતે સંગ્રહ કરવામાં આવતો હોવાનું બહાર આવ્યું છે. આજ રોજ કંપનીની બાઉન્ડરીની દીવાલની પાસે થી ગેરકાયદેસર રીતે સંગ્રહ કરેલ પ્રદુષિત પાણી જાહેરમાં કંપનીની હદની બહાર છોડવામાં આવ્યું હતું.જોત જોતામાં હજરો લીટર પ્રદુષિત પાણી વરસાદી પાણીના નિકાલની કાચી ગટર દ્વારા ફેલાયું હતું,કંપની દ્વારા જાહેરમાં પ્રદુષિત પાણી છોડવામાં આવતા ખેતીને નુકસાન થવાની ભીતિ ઉભી થવા પામી છે, ઉપરાંત જી.આઈ.ડી.સી.ની આજુબાજુમાં આવેલ પશુપાલકો ના જાહેરમાં ચરતાં ઢોરો ને પણ અસર થવાની ભીતિ સેવાઈ રહી છે.

જાણવા મળતી માહિતી મુજબ જે પ્રદુષિત પાણી છોડવામાં આવેલ તે ૧૦-એસ-પીએચ હોવાનું જાણવા મળ્યું છે, જાહેરમાં પ્રદુષિત પાણી છોડતા આજુબાજુના ગ્રામજનો સરપંચો ઘટના સ્થેળે ભેગા થઈ ગયા હતા અને જીપીસીબી ને જાણ કરતા અધિકારીઓ પણ ઘટના સ્થળે આવી પ્રદુષિત પાણીના નમૂના લઇ તપાસની માટે લેબોરેટરી માં મોકલાલવાની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રોહીબેશનના ગુનામાં છ માસથી પોલીસ ધરપકડથી નાસતો ફરતો આરોપીને ઝડપી પાડતી પેરોલ ફર્લો સ્કોડ ભરૂચ



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા નાઓના માર્ગદર્શન હેઠળ પો.સ.ઈ. એ.એસ. ચૌહાણનાઓની સુચના અનુસંધાને ભરૂચ જીલ્લામાં નાસતા ફરતા આરોપીઓ અનુસંધાને પકડવાના બાકી આરોપીઓ શોધી કાઢવા જણાવેલ જેથી પેરોલ સ્કોડ ભરૂચ સ્ટાફના માણસો સાથે આવા પકડવાના બાકી આરોપીઓને શોધી કાઢવા અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન ઝગડીયા પો.સ્ટે. ગુ.ર.નં ?? ૧૯૯/૨૦૧૮ પ્રોહી ક. ૬૫ એ ઈ મુજબના ગુનાઓમાં પકડવાનો બાકી આરોપી વિજયસિંહ ઉર્ફે વિપુલ પ્રભાતસિહ પરમાર ઉ.વ. ૪૨ રહે હાલ શાઈવાટીકા રૂમ નં-૧૧૭ અંકલેશ્વર ખાતેથી તા. ૦૧/૦૨/૧૯ ના રોજ અટક કરી ઝગડીયા પો.સ્ટે.માં આગળની કાર્યવાહી કરવા સુપ્રત કરવામાં આવેલ છે.

ક્રાઈમ બ્રાન્ચે પોલીસે દારૂ ભરેલી કાર પકડી

સુરત

સુરત શહેરના પરવત પાટિયા કેનાલ રોડ મોડેલ ટાઉન તરફ જવાના રોડ ઉપરથી કાર જપ્ત કરી વિદેશી દારૂની ૩૮૨ બોટલ અને કાર મળી કુલ્લે રૂપિયા ૧,૩૧,૬૦૦નો મુદ્દામાલ ડીસીબી પોલીસે કબજે કર્યો હતો. ડીસીબી પોલીસે ઉધના ભગવતીનગરમાં રેતા ધર્મેશકુમાર ઉર્ફે બાબુ મોહન રાણાની ધરપકડ કરી આરોપી અનિલ વસંત રાણાને વોન્ટેડ જાહેર કર્યો હતા.

સુરત ક્રાઈમ બ્રાન્ચ પોલીસે પૂર્વ બાતમીના આધારે વોચ ગોઠવી દારૂ ભરેલી કારને ઝડપી પાડવામાં સફળતા મેળવી હતી.

નવસારીમાં ૮, વલસાડમાં ૧૧ અને સુરતમાં ૧૪ ડિગ્રી

પવન મંદ પડતા દક્ષિણ ગુજરાતમાં કાતિલ ઠંડીમાં લોકોને થોડીક રાહત

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં પવનની ગતિ મંદ પડવાની સાથે તાપમાન યથાવત રહ્યુ છતાં પણ ઠંડીના ચમકારામાં નજીવી રાહત મળી રહી છે. આગામી દિવસોમાં તાપમાનમાં વધારો થાય તેવી શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યકત કરવામાં આવી છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતીમ ાહિતી મુજબ આજે શહેર અધિકત્તમ તાપમાન ૩૦.૮ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૪.૦ ડિગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૬૮ ટકા અને હવાનું દબાણ ૧૦૧૭.૨ મીલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી જ ઉત્તર દિશાથી કલાકના ૨ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. ગતરોજની સરખામણીએ આજે ન્યુનત્તમ તાપમાનમાં ૧ ડિગ્રીનો વધારો નોંધાયો છે.

નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે ન્યુનત્તમ તાપમાન ૮.૨ ડિગ્રી નોંધાયું છે. જે ગતરોજ ૭.૮ ડિગ્રી નોંધાયું હતું. નવસારીમાં તાપમાનમાં નજીવોલ વધારો થયો અને પવનની ગતિ ઘટવા છતાં બેઠી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

વલસાડ હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબઆજે સવારે ન્યુનત્તમ તાપમાન ૧૧.૧ ડિગ્રી નોંધાયું છે. જે ગતરોજ ૧૦ ડિગ્રી નોંધાયું હતું. આમ સમગ્ર દક્ષિણ ગુજરાતના તાપમાનમાં નજીવો ઘટાડો થતા ઠંડીથી થોડી રાહત મળી રહી છે.

મહાશિવરાત્રી પર્વએ અમદાવાદમાં ૩૫ ફૂટ ઊંચા શિવલિંગના દર્શન

૨૭ લાખ રૂદ્રાક્ષનું મહાશિવલિંગ સાકાર કરાશે

સુરત

અમદાવાદની પવિત્ર ધરતી પર મહાશિવરાત્રી મહોત્સવ સમિતીના તત્વાધાનમાં ભારતની ભવ્ય આધ્યાત્મિક, વૈદિક અને સનાતન સંસ્કૃતિને ઉજાગર કરતો અને નવજીવન ફાઉન્ડેશનનાં અંગ દાનના પવિત્ર વૈદકિય સેવા પ્રકલ્પને સાકાર કરવાના પવિત્ર ઉદ્દેશથી મહાશિવરાત્રી મહોત્સવનું દિવ્ય આયોજન કરવામાં આવ્યુ છે. આ મહોત્સવમાં વિશ્વનું સૌથી ઉંચુ રુદ્રાક્ષ શિવલિંગ નિર્માણ કરી ૪ વાર લિમકા બુકમા સ્થાન પ્રાપ્ત કરી સવા ૩૫ ફુટની નવી ઉંચાઈ અમદાવાદ પ્રાપ્ત કરશે જે ૨૭ લાખ રુદ્રાક્ષ દ્વારા નિર્મિત થશે.તથા ૨૧ પોથી શિવકથા, ૨૧ કુંડા મહારુદ્ર યજ્ઞ, સમૂહ રુદ્રાભિષેક જેવા ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામા આવ્યુ છે.

મહાશિવલિંગ નિર્માણની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ભુમિપૂજન ભક્તહદય માનનીય શ્રી કૌશિકભાઈ પટેલ (મહેસુલ મંત્રી શ્રી ગુજરાત રાજય), કુશળ વહિવટકર્તા, અમદાવાદ જિલ્લા કલેક્ટરશ્રી માનનીય ડો. વિક્રાંત પાંડેય જી તથા સેવાભાવિ શ્રેષ્ઠી શ્રી યજ્ઞેશભાઈ દવે (મહામંત્રી, સમસ્ત બ્રહ્મ સમાજ, રાજ્યકક્ષા) શિવ કથાકાર શ્રી બટુકભાઈ વ્યાસ, પૂ. ૧૦૦૮ મહંત શ્રી રામસ્વરુપપુરીજી, ધોલેશ્વર મહાદેવ અને પૂ. કાલીદાસબાપુના પવિત્ર કરકમલો દ્વારા "કૈલાસ માનસરોવર ધામ" ગણેશ ગ્રાઉન્ડ, ઝાયડસ હોસ્પીટલની બાજુમા, એસ. જી. હાઈ વે, થલતેજ ખાતે સંપન્ન કરવામા આવ્યુ હતુ.

વરાછા સ્થિત રીપુલ કોમ્પ્લેક્ષની બે ઓફિસોમાં તસ્કરોનો ત્રાટક્યા

સુરત

વરાછા રીપુલ કોમ્પલેક્ષની ઓફિસમાંથી રોકડા રૂપિયા અને ડી.વી.આર. મળી કુલ્લે રૂપિયા ૧,૮૩,૦૦૦ની મતા ચોરાઈ હતી.

વરાછા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પૂણા સીમાડા રોડ પ્રમુખ છાયા સોસાયટીમાં રહેતા એડવોકેટ ઘનશ્યામ વાઘાણી અને તેમના ભાઈ બાબાભાઈ વાઘાણીની રીપુલ કોમ્પલેક્ષમાં આવેલી ઓફિસમાંથી અજાણ્યા તસ્કરો રોકડા રૂા. ૧.૭૮ લાખ, ડીવીઆર મળી કુલ્લે રૂા. ૧.૮૩ લાખની મતા ચોરી ગયા હતા. વરાછા પોલીસે એડવોકેટ ઘનશ્યામ બલ્લુભાઈ વાઘાણીની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

સુરત શહેરમાં જોરદાર ઠંડી પડી રહી છે ત્યારે ચોરી કરતા તસ્કરો ઉપાડો લીધો છે. દરરોજ રબ્ત્રો જુદા જુદા વિસ્તારમાં ચોરીથઈ હોવાની બુમ ઉઠવા પામે છે. દરમિયાન વરાછાના કોમર્શિયલ કોમ્પ્લેક્ષમાં બે ઓફિસોમાં તસ્કરોએ હાથફેરો કર્યો હોવાની પોલીસ ફરિયાદ નોંધાવા પામી છે.

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ
Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.
લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.
પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્પનું નામ	પ્રવેશ લાયકાત
૧	બેચલર ઓફ સાયન્સ ઈન નર્સિંગ (બી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩	ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-
- જે વિદ્યાર્થીઓએ એડમીશન કોર્મ ઓનલાઈન ભરેલ ન હોય તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ મળશે. વય મર્યાદા-૩૫ વર્ષ
- એસ.સી/એસ.ટી. અને બક્ષીપંચ વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર સ્કોલરશીપ મળવાપાત્ર અને ફી શીપ કાર્ડ ની વ્યવસ્થા
- જાહેર આરોગ્ય ક્ષેત્રે કાર્યરત ટ્રસ્ટ, અનુભવી તેમજ તજજ્ઞ સ્ટાફ
- એક જ કેમ્પસમાં ૩૭ વર્ષથી ચાલતી ઉત્તર ગુજરાતની એકમાત્ર ૩૦૦ પથારી ધરાવતી ટ્રસ્ટની હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્ટેલ ભાઈઓ તથા બહેનો માટે
- સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી શિક્ષકો અલગ-અલગ કલાસ રૂમ અને સુદ્રઢ લાયબ્રેરીની સુવિધા
- હોસ્ટેલની સુવિધા, શુધ્ધ તેમજ સાત્વિક જમવાની સુવિધા તેમજ ૨૪-કલાક સીકયુરીટીની સુવિધા
- જુજ બેઠકો ખાલી હોઈ પોતાના અસલ પ્રમાણપત્ર સાથે આવી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી શકશે.

સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા
પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય માણસ વર્ગને જીવન જીવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માર્ગદર્શની Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.
તો આવો સૌ ભારતીયો એકદીલ સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ મિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.
અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે મિશે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. જાહેરાતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મહીલા કમિશનની બાકીના રૂપિયા કામ મુજબ ચૂકવેલ આપકમાંથી ચુકવણ જશે, જે માટે સાથે ડાયરેક્ટ હોપક પરથી આપ સમજી શકશો.
તો આવો સૌ સાથે મળી અસવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો
અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો
Http://www.connectindians.in
આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકત્રીત થયેલ મોટી આવક કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
બાકીના ૫૫૦/- (સોટો મોકલી આપવી)
આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો.
જેના માટે આપે ૨૨૦૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
બીજા ૩૩ વર્ષ માટે ૫૦૦/- (સોટો મોકલી આપવી)
આપનો કોડ બીજા ૩૩ વર્ષ માટે રીન્યુ કરી શકશો.
સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો
જેના માટે આપે ૩૦૦૦/- ભરવાના રહેશે.
આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A		માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME	LEVEL	INCOME
1st	80/-	1st	600/-
2nd	60/-	2nd	400/-
3rd	50/-	3rd	300/-
4th	40/-	4th	200/-
5th	30/-	5th	100/-
		6th	50/-



સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય
તાત્કાલિક સંપર્ક કરો
ધનંજય ઝવેરી 7575006847-48 | શરદ જાદવ 7575006849 | રવિ પટેલ 7574888860 | અશોષ મોદી 7016046096
13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850
connectindians1@gmail.com





ગ્લોબલ આર્ટ ફેસ્ટીવલ હેઠળ સ્ટેચ્યુ પરિસરમાં યુનિટી આર્ટ એક્ષચેન્જ કાર્યક્રમ યોજાયો





રાજપીપળા : નર્મદા ડેમ પાસે આવેલ વિશ્વની સૌથી ઉંચી સરદારની પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની તાજેતરમાં ૨૦ દેશોના ૬૬ કલાકારોએ મુલાકાત લઈ તેમની કલાનું આદાન પ્રદાન કરી એકતા યુનિટીનો મેસેજ આપ્યો હતો.

જાણવા મળ્યા મુજબ કચ્છના સફેદ રણમાં હાલ ચાલી રહેલા રણોત્સવમાં ગુજરાતમાં સૌ પ્રથમવાર ઈમેજીનેશન ડીઝાઈન્સ યોજીત અને ગુજરાત ટુરીઝમના સહયોગથી યોજાયેલ ગ્લોબલ આર્ટ ફેસ્ટીવલમાં ભાગ લેવા ઈટાલી, જાપાન, યુ.કે.,નોર્વે,ચીલી, કેનેડા, સાઉથ આફ્રિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા વગેરે દેશોના ૩૩ જેટલા આર્ટીસ્ટ આવ્યા છે જેઓ તેમના દેશના મોઝેક પેઈન્ટીંગ, કેન્વાસ પેઈન્ટીંગ, સ્કલ્પચર, વુડન બેઝ પેઈન્ટીંગ વગેરેના નિષ્ણાત મનાય છે તે તમામ વિદેશી ૩૩ કલાકારો એ અત્રે સ્થાનિક ગુજરાત તેમજ અન્ય પ્રાંતના કલાકારો સાથે મળી સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં તેમની કલાનું આદાન પ્રદાન કરી યુનિટી આર્ટ એક્સચેન્જ કાર્યક્રમ સફળતા પૂર્વક પાર પાડી એકતાનો મેસેજ આપ્યો હતો.

સ્ટેચ્યુ ઓફ યુનિટીના એડમીનીસ્ટ્રેટર અને આઈ.એ.એસ. અધિકારી આઈ. કે. પટેલે જહેમત ઉઠાવી કલાકારોને પ્રશંસનીય સહયોગ આપ્યો હતો. સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લઈ આર્ટ એક્સચેંજ કાર્યક્રમમાં ભાગ લેવા આવેલ વિદેશી આર્ટીસ્ટ આર્જેન્ટીનાના બ્રુનોએ જણાવ્યું કે સ્ટેચ્યુ અતિ ભય છે જે જોઈને અમે ભારે રોંચિત થયા જ્યારે ચીલી ની માર્ગારીટા એ જણાવ્યું કે ગુજરાતના લોકો ખૂબ પ્રેમાળ અને ?થાનિક કલાકારો સાથે અત્રે સ્થિ ઉંચી રતિમા પાસે ઈન્ટીંગ કરવાનો અનુભવ યાદગાર રહેશે. પ્રસિદ્ધ ગાયિકી "લેડી ગાગા'ના ટેટુ તૈયાર કરનાર યુ.કે.ની કાકાર લેફલી ંગે જણાવ્યું કે ખૂબ જ સરસ વાતાવરણમાં સ્ટેચ્યુ નિહાળી ખૂબ આનંદ થયો. આઈ એમ લકી ટુ વિઝીટ ગુજરાત. જ્યારે જાપાનના કલાકાર કીટોએ આનંદ વ્યક્ત કરતા ગ્લોબલ આર્ટ ફેસ્ટીવલ સાથે સફેદ રણ અને સ્ટેચ્યુની મુલાકાતને અદ્ભૂત ગણાવી હતી.

૨૦ દેશના ૬૬ એવા વિદેશી અને સ્થાનિક કલાકારો તેમની કલા પ્રદર્શન કરી રહ્યા હતાં ત્યારે સ્ટેચ્યુ જોવા આવેલા પ્રવાસીઓએ કુતુહલવશ તેમને જોવા ભારે ભીડ જમાવી હતી અને વિદેશી આર્ટીસ્ટ સાથે સેલ્ફી લેવા પડાપડી કરી હતી.ગુજરાતમાં ઈમેજીનેશન ડિઝાઈન્સ યોજીત ગ્લોબલ આર્ટ ફેસ્ટીવલ સૌ પ્રથમવાર યોજાયો છે.તમામ કલાકારાઓ સ્ટેચ્યુ ઓફ યુનિટી ઉપરાંત, વેલી ઓફ ફલાવર, નર્મદા ડેમ, મેઈન કેનાલ વગેરેની મુલાકાત લઈ આનંદ વ્યક્ત કર્યો હતો. ઉપરાંત આ અગાઉ વિદેશી કલાકારોએ અમદાવાદમાં ગુજરાત ટુરીઝમ યોજીત કાઈટ ફેસ્ટીવલમાં પણ મુલાકાત લઈ આનંદ વ્યક્ત કર્યો હતો.

આ ફેસ્ટિવલમાં રાજપીપળાના બે સગા ભાઈઓની મેહનત રંગ લાવી

આ ફેસ્ટિવલમાં રાજપીપળાના બે સગા ભાઈઓ નિશ્ચલ બારોટ અને પ્રબિન બારોટે ઈમેજીનેશન ડીઝાઈન્સના નેજા હેઠળ ઇવેન્ટ મેનેજમેન્ટની વિવિધ કામગીરી સફળતા પૂર્વક પાર પાડી રહ્યા હોય જે અંતર્ગત ગુજરાત માં સૌ પ્રથમ વાર આ ફેસ્ટિવલનું સફળ આયોજન થયું.

રાજપીપળા શહેરમાં માત્ર એકજ પોસ્ટ ઓફિસના કારણે પેન્શનરો સહિતના ઉંમરલાયક લોકોને તકલીફ



દરબાર રોડ સ્ટેશન રોડ અને સોસાયટી માં ચાલતી પોસ્ટ બંધ થઈ ગઈ ત્યારે હાલ માર સંતોષ ચાર રસ્તા પાસેની એકજ મુખ્ય પોસ્ટ ઓફિસ કાર્યરત પરંતુ એ પણ ઘણી દૂર પડતા સિનિયરસીટીજનોને તકલીફ

નર્મદા જિલ્લો વિકાસ માં હરણફાળ પ્રગતિ તરફ છે જેમાં ખાસ સ્ટેચ્યુ ના કારણે લાખો લોકોની આવન જાવન વધી છે ત્યારે અન્ય વિકાસ કરતી સરકાર ગ્રામજનો માટે કોઈ વિચાર કેમ નથી કરતી

રાજપીપળા : સ્ટેચ્યુ ઓફ યુનિટી નર્મદા ડેમ સહિતના સ્થળો ના કારણે હાલ નર્મદા જિલ્લાનું નામ મોખરે છે છતાં જિલ્લાના વડા મથક રાજપીપળા નો વિકાસ જાણે થંભી ગયો છે એમ લાગી રહ્યું છે .

રાજપીપળા શહેરમાં રજવાડા સમય થી અત્યાર સુધી ચાર પોસ્ટ ઓફિસ કાર્યરત હતી જે બંધ થતા હાલ માત્ર એકજ મુખ્ય પોસ્ટ ઓફિસ કાર્યરત છે અને એ પણ દૂર આવેલી હોય પેન્શનરો સિનિયર સિટિજનો સહીત મહિલાઓ ને ભારે તકલીફ પડી રહી છે અગાઉ રાજપીપળા ના સ્ટેશન રોડ,રાજેન્દ્ર સોસાયટી ,દરબાર રોડ અને સંતોસ ચાર રસ્તા પાસે મુખ્ય પોસ્ટ ઓફિસ મળી કુલ ચાર પોસ્ટ હતી પરંતુ ધીમે ધીમે ત્રણ પોસ્ટ બંધ થતા હાલ એક માત્ર મુખ્ય પોસ્ટ કાર્યરત હોય પેન્શનરો સહિતના અન્ય લોકોની તકલીફ વધી છે .

એક તરફ સરકાર વિકાસની વાતો કરી સ્ટેચ્યુ જેવી બાબતે વધુ સક્રિય જણાય છે ત્યારે બીજી તરફ પોસ્ટ ઓફિસ જેવી જરૂરિયાત માટે સરકારની ઢીલી વૃત્તિ કે પછી અન્ય ખાનગી એજન્સીઓના ફાયદા માટે પોસ્ટ બંધ થવા છતાં નિષ્ક્રિય જણાય છે ત્યારે રાજપીપળાની મધ્ય માં પોસ્ટ ઓફિસ શરુ થાય એવી જરૂરિયાતમંદોની માંગ છે .

રાજપીપળા ખાતે શહેરી સમૃદ્ધિ ઉત્સવની પખવાડિક ઉજવણીના ભાગરૂપે રેલી



દીન દયાલ અંત્યોદય યોજના રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન દ્વારા તારીખ ૧ થી ૧૫ ફેબ્રુઆરી દરમિયાન શરુ થયેલી પખવાડિક ઉજવણીનો રાજપીપળા નગરપાલિકા ખાતે પ્રારંભ

રાજપીપળા : રાજપીપળા ખાતે શહેરી સમૃદ્ધિ ઉત્સવની પખવાડિક ઉજવણીના ભાગરૂપે શુક્રવારે એક કાર્યક્રમ અને રેલી નું આયોજન કરવામાં આવ્યું જેમાં રાજપીપળા નગરપાલિકા વિસ્તારની ૧૫૦ જેવી બહેનો એ ભાગ લઈ બહેનો માટેની યોજનાઓ અને અન્ય માહિતી મેળવી હતી જેમાં રાજપીપળા નગરપાલિકાના ચીફ ઓફિસર અમિત પંડ્યા,લીડ બેંકના મેનેજર,મહિલા અગ્રણી ભારતીબેન તડવી,પ્રહલાભાઈ પંચાલ અને પાલિકા કર્મચારીઓ સાથે મોટી સંખ્યામાં બેહનોએ હાજરી આપી,આ પ્રસંગે અમિત પંડ્યાએ મહિલાઓને મળતા લાભો અને ગૃહ ઉદ્યોગ બાબતેની વિસ્તૃત જાણકારી આપી હતી જયારે બેંક મેનેજરે આ યોજનામાં બેંક કેવી કેવી રીતે મહિલાઓને મદદરૂપ થઈ શકે એ જણાવી જરુરી તમામ મદદ કરવા જણાવ્યું હતું જયારે મહિલા અગ્રણી ભારતીબેને પણ કાર્યક્રમને લગતી જાણકારી આપી યોજનાની માહિતી આપી સરકારની આ યોજનાઓનો મહિલાઓ વધુમાં વધુ લાભ લઈ આગળ વધે એમ જણાવ્યું હતું .નગરપાલિકાના ચીફ ઓફિસરના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું આયોજન એનયુએલએમ મેનેજર નિશાબેન પરમાર અને ટિમ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ બાદ પાલિકા ખાતેથી જાગૃતિ રેલીનું આયોજન કરાયું, આ રેલીનું અમિતભાઈ પંડ્યા અને ભારતીબેન તડવીએ પ્રસ્થાન કરાવ્યા બાદ રેલી શહેરના મુખ્ય માર્ગો પર ફરી ટાઉનહોલ ખાતે પૂર્ણ થઈ હતી .

ભરૂચ ખાતે એક મહિનાના સ્પર્ધાત્મક પરીક્ષા તાલીમ વર્ગનો સમાપન સમારોહ યોજાયો



ભરૂચની સામાજિક સંસ્થા માં મણિબા સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ,નવેઠા અને નર્મદા એજયુકેશન એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ, ઘ્વારા એક માસથી ચાલતાં સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ વર્ગનો ગુરુવારના રોજ નીલકંઠ ઉપવન ખાતે રાજયના સહકાર મંત્રી ઈશ્વરસિંહ પટેલ અને ધારાસભ્ય દુષ્યંત પટેલની અધ્યક્ષતામાં સમાપન કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે માં મણિબા ચેરિટેબલ ટ્રસ્ટના સ્થાપક ધનજી પરમાર, નરેશ ઠક્કર, દિવ્યેશ પટેલ, ધર્મેશ પરમાર, શ્યામુ પાંડોર, મારુતિસિંહ અટોદરિયા, જગદીશ પરમાર સહિત મોટી સંખ્યામાં તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં. તાલીમાર્થીઓએ લીધેલી એક મહિનાની ટ્રેનિંગના પોતાના અનુભવો પણ કહી ખરા અર્થમાં આ સમાજમાં આવું સુંદર કાર્ય કરતી સંસ્થાઓનો દિલથી આભાર વ્યક્ત કર્યો હતો.

ભરૂચના નાયબ માહિતી નિયામક બી.સી.વસાવાનો નિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો



ભરૂચ જિલ્લા માહિતી કચેરી ખાતે ફરજ બજાવતા નાયબ માહિતી નિયામક બી.સી.વસાવા નો ૩૧ જાન્યુઆરીના રોજ વયનિવૃત્ત થતાં તેમને માહિતી પરિવાર દ્વારા શાલ ઓઢાડી, શ્રીફળ આપીને, વિદાય આપવામાં આવી હતી.

બી.સી.વસાવા ભરૂચ ખાતે છેલ્લા દોઢ વર્ષથી નાયબ માહિતી નિયામક તરીકે સેવા બજાવતા હતા. માહિતી વિભાગની મીડિયા સંલગ્ન કામગીરી કરવાની હોય છે. તેમણે સારી રીતે ફરજ બજાવી છે.બી.સી.વસાવા તેમની સેવાકાળ દરમિયાનના અનુભવો વર્ણવી કચેરીના તમામ કર્મચારી ઓને તેમની ફરજ નિષ્ઠાથી બજાવવાની સાથે પોતાની કામગીરી સમયસર પૂર્ણ કરવા અનુરોધ કર્યો હતો. ભરૂચ ખાતેની ફરજ દરમિયાન દરેક મીડીયાકર્મી ઓના સહકારની તેમણે સરાહના કરી હતી. જિલ્લા માહિતી કચેરી ખાતે યોજાયેલ નિવૃતિ વિદાય સમારોહ અવસરે સહાયક માહિતી નિયામક એન.વી.પટેલ, અધિક્ષક એ સ.આર.પટેલ, સુપરવાઈઝર સી.ડી.સોની, ઓપરેટર વસંત સોજીત્રા સહિત માહિતી પરિવાર અને મીડિયા કર્મીઓ દ્વારા તેમનું નિવૃતમય જીવન સુખમય નીવડે તેવી શુભકામના પાઠવી હતી.

For ALL SEASONS & ALL OCCASIONS
Treat Resort
SILVASSA
24 acres of sheer luxury
Treat Water Park
A mind-blowing leisure spot
• 24 Acres Landscaped Gardens
• 194 Luxurious Rooms • Water Park
• Colorful Fountains • Wellness Spa
• Cricket/ Football Indoor Games
• Entertainment Programs
• 8 Banquet Halls, Ranging from 2000 sq.ft. to 13000 sq.ft. each.
: SURAT :
0261-2336676, +91-9824124900

EXCLUSIVE BRANDED BEDSHEETS
+ સીંગલબેડ-ડબલબેડ-કીંગ સાઈઝ બેડશીટ્સ(Bombay Dyeing - Portico)
+ વુલન બ્લેન્કેટ(Raymond-modella-Essma)
+ લાઈટ વેઈટ પોલાર બ્લેન્કેટ
+ સોલાપુરી ચારસા/મયુર પંખ (ચાટલા/ગુંડેલી)
+ લકઝરી મીંક બ્લેન્કેટ(જર્મની/કોરીયા/રેમન્ડ)
+ સન્માન માટેની કાશ્મીરી જામાવર શાલ
+ લેડીઝ જામાવર શાલ તથા સ્ટોલ
+ એક્સકલુઝીવ સીંગલ/ડબલબેડ ચાદર સેટ
+ હનીકોમ્બ તથા ટરકીશ ટુવાલ
+ શેતરંજી + આસન
શ્રી અંબા ટ્રેડીંગ હોલસેલ ડેપો
''મધુકૂંજ'' બિલ્ડીંગ,ઘાંચીશેરી-૧,ટાવર સામે, સુરત.ફોનઃ ૨૪૩૨૦૮૭-૨૪૨૫૧૦૨

સાગબારા સેલંબા ખાતે નિર્ભયા સ્કવોડનો સપાટો, ૪૫ મેમો સાથે એક બાઈક ડિટેન કરતા રખડતા તત્વોમાં ફફડાટ



રાજપીપળા: નર્મદા જિલ્લા પોલિસ અધિક્ષક મહેન્દ્ર બગડીયા દ્વરા એક નવો અભિગમ અપનાવી શાળા કોલેજમા અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ ની સુરક્ષા માટે નિર્ભયા સ્કોડની રચના કરાઈ હતી જેમાં જાહેર સ્થળો કે શાળા કોલેજ પાસે રખડતા રોમિયો ની આ સ્કોડે ઊંઘ હરામ કરી નાખી હાલ આવા ત્વો અંકુશ મેળવ્યો છે ત્યારે નિર્ભય દ્વારા વધુ કડક હાથે ામ લેતા ન્મદા જિલ્લામા રથમવાર ગત રોજ નિર્ભયા સાગબારાના સેલંબા ખાતે સપાટો બોલાવાયો હતો, જેમાં નિર્ભયાના લીડર પી.એસ.આઈ કે કે પાઠક ના માર્ગદર્શન હેઠળ શાળા કોલેજની આસપાસ ચેકિંગ દરમિયાન રખડતા બાઈક ચાલકોને મેમો આપવામાં આવ્યો હતો અને એક બાઈક ડિટેન પણ કરાઈ હતી જેથી રોમિયોગિરી કરનાર તત્વોમા ફફડાટ ફેલાયો છે

તદુપરાંત શાળાઓ માં નિર્ભયા સ્કવોડ દ્વરા એક ફરિયાદ પેટી મુકવામાં આવી હતી અને શાળાની વિદ્યાર્થિનીઓને આ અંગે વિસ્તૃત માહિતિ આપી હેરાન કરતા તત્વો સામે



સહેજ પણ ગભરાયા વિના ફરિયાદ કરવા અપીલ કરી હતી જે પૈકી ઘણી વિદ્યાર્થીનીઓ એ પેટીમાં ફરિયાદ નાખી અને નિર્ભયા દ્વારા પગલાં પણ લેવાયા હતા ત્યારે આ સ્કોડમા પી.એસ.આઈ. પાઠક સહિત નિર્ભયા સ્કોડની જાંબાઝ મહિલા પોલિસ તરુલતાબેન, શિલ્પાબેન,ભાવનાબેન, સુલોચનાબેન, નયનાબેન અને ભાવનાબેન એ વિદ્યાર્થીનીઓ ને પોતાની સુરક્ષા બાબતે કઉન્સિલિંગ કર્યુ હતું અને કોઈ પણ ફરિયાદ હોય તો ફક્ત ચિઠ્ઠી લખી ફરિયાદ પેટીમા નાખવા અનુરોધ કર્યો હતો. જેમાં તેમના નામ સંપુર્ણ ગુપ્ત રાખવામા આવશે તેવો વિશ્વાસ પણ આપ્યો હતો આમ અત્યાર સુધીમાં નિર્ભયા ટીમની ખુબજ સરાહનીય કામગીરી જોવા મળી છે.એનો બધો શ્રેય નર્મદા પોલીસ વડા બગડિયા એન્ડ પીએસઆઈ પાઠક સહીત નિર્ભયા ની નિર્ભય બહેનોને જાય છે .

છેલ્લા ત્રણ વર્ષથી પોલીસ ધરપકડ થી નાસતો ફરતો આરોપીને ઝડપી પાડતી પેરોલ ફર્લો સ્કોડ ભરૂચ



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા નાઓના માર્ગદર્શન હેઠળ પો.સ.ઈ.એ એસ. ચૌહાણનાઓની સૂચના અનુસંધાને ભરૂચ જીલ્લામાં નાસતા ફરતા આરોપીઓ અનુસંધાને પકડવાના બાકી આરોપીઓ શોધી કાઢવા જણાવેલ જેથી પેરોલ સ્કોડ ભરૂચ સ્ટાફના માણસો સાથે આવા પકડવાના બાકી આરોપીઓને શોધી કાઢવા આમોદ વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન દહેજ પોસ્ટે ? ૫૨/૨૦૧૬ ઈ.પી.કો કલમ ૩૨૩,૫૦૬(૨) જી.પી. એક્ટ ૧૩૫ મુજબના કામનો આરોપી રમેશભાઈ શંકરભાઈ રાઠોડ ઉ.વ. આ ૩૩ રહે મામલતદર ઓફીસની બાજુમાં નવીનગરી આમોદ જી ભરૂચ નાને આમોદ ખાતેથી તા. ૦૧/૦૨/૧૯ ના રોજ ૮/૦૮ કલમ- ૪૧(૧) આઈ મુજબ અટક કરી ભરૂચ શહેર બી×ડીવી પો.સટે.માં આગળની કાર્યવાહી કરવા સુપ્રત કરવામાં આવેલ છે.

કેન્દ્ર સરકારના બજેટથી અમીર-ગરીબ સૌ કોઈ ખુશખુશાલ

સુરત

કેન્દ્રીય નાણામંત્રી પિયુષ ગોયલે આજે સંસદમાં રજૂ કરેલા વચગાળાના બજેટમાં ઢગલાબંધ રાહતો જાહેર કરવામાં આવી છે. ખાસ કરીને આ બજેટ ખેડૂત અને મધ્યમ વર્ગને મોટુ રાહત આપનારૂ છે. મધ્યમ વર્ગ માટે આયકરના ટેક્સમાં રૂા.૨.૫૦ લાખથી વધારીને ૫ લાખ કરાતાં મોદી સરકારે પગારદાર વર્ગને ખુશખુશાલ કરી દીધા છે. સ્ટાર્ન્ડર ડિટેક્શનમાં પણ ૧૦ હજારનો વધારો કરી ૫૦ હજાર કરવામાં આવી છે. તેમજ રૂા.૬.૫૦ લાખના રોકાણ ઉપર કોઈ ટેક્સ નહીંની જાહેરાત આ બજેટમાં કરવામાં આવી છે. ખાસ કરીને આ બજેટમાં ખેડૂતો માટે પટારો ખોલવામાં આવ્યો છે. બે એકર ખેતી જમીન ઉપર મહત્તમ ૬૦૦૦ વાર્ષિક રકમ બેંક એકાઉન્ટમાં જમા કરીને સહાય આપવાની જાહેરાત કરાઈ છે. આ સર્વગ્રાહી બજેટને શેરબજારને શરૂઆતમાં આવકાર આપ્યો હતો.

સુરત શહેરમાં મોટાભાગના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઉદ્યોગપતિઓ સહિતના લોકોએ કેન્દ્રીય બજેટને આવકારી મધ્યમવર્ગ ખેડૂતલક્ષી બજેટ ગણાવ્યું હતું.

કેવડિયા કોલોની ખાતે ફરી એકજ રાત્રે પાંચ દુકાનોના તાળા તૂટ્યા : લાખોની ચોરીનો અંદાજ



વીવીઆઈપી ઓની સુરક્ષામાં વ્યસ્ત પોલીસ માટે કામગીરી કરવી કરવી મુશ્કેલ બી રહી છે

રાજપીપળા : સ્ટેચ્યુ ઓફ યુનિટી બાદ એક પછી એક રાજય કક્ષા અને રાષ્ટ્રીય લેવલના કાર્યક્રમો ગોઠવાયા છે સાથે વીવીઆઈપી ઓની એકધારી વીઝીટોથી બે દિવસ અગાઉથી સુરક્ષા અને આદિવસીઓનો વિરોધ સાથે સુરક્ષા બંધોબસ્તમાં નર્મદા પોલીસ વ્યસ્ત રહે છે. જેને લઈને તસ્કરી ગેંગ કેવડિયામાં બીજીવાર ત્રાટકી અને એક જ રાતમાં પાંચ દુકાનોને નિશાન બનાવી તાળા તોડી જેમાં રહેલા રોકડ રકમ અને અન્ય સામાન ની પણ ચોરી કરી અંદાજિત લાખોની ચોરી કરી પલાયન થઈ ગયા છે. ત્યારે કેવડિયા પોલીસે ચોરીની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે અને FSL ડોગ સ્કોડ બોલાવી આ ચોરોનું પગેરું શોધવાના ચક્રો ગતિમાન કર્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે કેવડિયા કોલોનીમાં ગત ૩૧ જાન્યુઆરી ના એક રાતમાં દુકાનો અને ઘરો મળી ૧૫ સ્થળો પર ચોરી કરી તસ્કરી ગેંગ ૨.૩૦ લાખની સોના ચાંદીના દાગીના રોકડ રકમ સહીતની ચોરી કરી ગઈ હતી . જોકે પોલીસ આ ચોરોનું પગેરું શોધે એ પહેલા તસ્કરો એ બીજીવાર ચોરીને અંજામ આપ્યો હવે પોલીસ સામે પડકાર ફેંક્યો છે ત્યારે કેવડિયા પોલીસે પણ આ ગેંગને ઝડપવા માઈક્રો પ્લાનિંગ કરી લીધું છે, ત્યારે હવે તસ્કરોની ખેર નથી પોલીસે શંકાના સ્થળે તપાસનો દોર શરૂ કરી દીધો છે .

બજેટમાં સુરતના ડાયમંડ ઉદ્યોગ માટે કોઈ રાહત નથી : દિનેશ નાવડિયા

સુરત

સુરત ડાયમંડ એસો.ના માજી પ્રમુખ અને જેમ્સ એન્ડ જ્વેલરી કાઉન્સિલના રિઝનલ ચેરમેન દિનેશ નાવડિયાએ જણાવ્યું હતું કે, કેન્દ્રીય બજેટ મધ્યમ વર્ગને લાભ કરનારૂ છે. પરંતુ અત્યાર સુધી બજેટમાં હીરા ઉદ્યોગ માટેની કોઈ જાહેરાત ગથઈ હોય તેવું દેખાઈ રહ્યું નથી એટલે હીરા ઉદ્યોગ માટે કોઈ રાહતના સમાચાર નથી અમોની માગણી હતી કે માગ અને અપેક્ષા મુજબ બજેટમાં કઇ નજરે પડતુ નથી. ખાસ કરીને ટર્ન ઓવર ટેક્ષ, જોબવર્ગની પોલીસી એડોપ, ગોલ્ડ ઉપર ડ્યુટી ઘટાડવાની માગ ડાયમંડ ઉદ્યોગની રહી હતી.

હોલસેલ ભાવે છુટકમાં
● કોટન ત્થા પોલીસ્ટર ધોતીજોટા
● લાલ-પીળા ભગવા અબોટીયા
● લાલ ગમછા (અંગુછા)
● ધાબળા - પોલાર બ્લેન્કેટસ
● સોલાપુરી ચારસા
સીંગલબેડ તથા ડબલ બેડમાં
➨ પ્રીન્ટેડ બેડશીટસ (100% કોટન)
➨ મીન્ક બ્લેન્કેટસ
શુભ પ્રસંગો તથા લગ્ન પ્રસંગે વડીલોના સન્માન કરવા માટે
"કાશ્મીરી શાલ"
ફોલ્ડીંગ મચ્છરદાની
મચ્છરના ત્રાસથી બચવા
દરેક સાઈઝમાં ફોલ્ડીંગ મચ્છરદાની

ગોળ તથા ચોરસમાં સીંગલબેડ, ડબલબેડ તેમજ દરેક નાની મોટી સાઈઝમાં સુપીરીયર કવોલીટીની તૈયાર મચ્છરદાની મળશે.
"છોટા કુબેર" કાપડવાલા
બરાનપુરી ભાગળ, મેઈન રોડ, કાપડબજાર, સુરત.
ફોન : ૬૫૭૧૫૭૧, ૯૪૨૬૮૯૧૪૯૭

બહેરાશના સર્વશ્રેષ્ઠ મશીનો

100% અદ્રશ્ય મશીન
વર્લ્ડવાઈડ ૪ વર્ષની વોરંટી
હાલની લેટેસ્ટ ટેકનોલોજી
મેડ ઈન યુ.એસ.એ.

અન્ય કોઈપણ બ્રાન્ડના હીયરીંગ એઈડ પર ભારતની સર્વશ્રેષ્ઠ કીંમતની ચેલેન્જ તો ખરી જ
સરકારી કર્મચારી તથા પેન્શનરો માટે રીએમ્બર્સમેન્ટ યોજના ઉપલબ્ધ
બેસ્ટ સર્વિસ, બેસ્ટ ક્વોલીટી, બેસ્ટ પ્રાઈઝ
● ઈન્ટરનેશનલ વર્લ્ડવાઈડ વોરંટી
● લેટેસ્ટ ટેક્નોલોજીના ઓટોમેટીક હીયરીંગ એઈડ
● ટીવી-મોબાઈલના અવાજ પણ સરળતાથી સાંભળી શકશો
● રીચાર્જેબલ હીયરીંગ એઈડ
● જુના મશીન પર એક્ષચેન્જ ઓફર ઉપલબ્ધ
Softone An Advance Audiology Speech & Hearing Clinics Pvt. Ltd.
(એપોઈન્ટમેન્ટ લઈને રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.)
વલસાડ, નવસારી, બારડોલી, ભરૂચ અને બરોડામાં પણ બ્રાન્ચ ઉપલબ્ધ છે.
સુરત: એફ-૧૮/૧૯, પેરીસ પ્લાઝા, પહેલો માળ, ટોરેન્ટ પાવરની બાજુમાં, રીલીફ રેસ્ટોરન્ટની સામે, સીનેમા રોડ, દીલ્હી ગેટ. સુરત: મો. 75670 00800
અડાજણ: ગુજી-૬૦, એસ્કોન પ્લાઝા, ભુલકાભવન સ્કુલની પાછળ, શ્રીજી આર્કેડની બાજુમાં, આનંદમહલ રોડ, અડાજણ. મો. 75670 08000, 90999 05270

SINGAPURI FASHION
FABRICS, TAILORING & ETHNIC

સુટ,શેરવાની, ડિઝાઇનર પઠાણી, કુર્તા પાયજામા, સાફા, મોજડી, જેવી દુલ્હા કલેક્શન ની રેન્જ એક જ જગ્યા એ જોવા પધારો.
0261-2417767
૧ પટેલ મોટર ની પાસે, રાણીતાલાબ, લાલગેટ સુરત

THICKSHAKE
-NEW VARIETY-
રજવાડી કીંગ | રજવાડી ક્વીન
મખ્ખન ભોગ

Extra Ordinary Flavours of
51 RAINBOW ice creams
Special offer
150/- 100/-
Service Available
સુરત રેલ્વે સ્ટેશનની સામે. સંપર્ક: +91 9879217786


3000/-
Rebonding Smoothing & straightening
Niyati
BEAUTY PARLOUR
9913736223, 9106322559
300/- Facial Waxing Hands And Legs Eyebrows
800/- D Taning Facial, Full Waxing Only Hands With Arms Half legs, Hair Spa Taning Spa Pedicure, Ags, Eyebrows
1000/- Menicure, Pedicure, Hair Spa Facial Hand & Legs Waxing, Eyebrows, Bleach
500/- Facial Waxing Only Hands With Arms Manicure Hair Spa Eyebrows
F/9 Shivam Complex, Tulsidham Zadeshwar Road, Bharuch.

નવા રંગરૂપ અને વોટર પાર્ક સાથે

મોદી રીસોર્ટસ & એમ્યુઝમેન્ટ પાર્ક (ગુજ.) પ્રા. લિ.
ઉમરાટ બીચ - નવસારી
www.modiresorts.com
સ્કુલ, ગ્રૂપ પ્રવાસ તથા લગ્નપ્રસંગ માટે ઉત્તમ રીસોર્ટસ
Ph.: 99250 08830
97272 56004